# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૪૬ : અંક-૨૬૪, વર્ષ-૨૪, નવેંબર-૨૦૧૯

## અષાઢ વદ ૨, સોમવાર, તા.૪-૦૭-૧૯૬૬, યોગસાર ગાથા-૭૦ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, પ્રવચન-૨૫

૭૦. '**નિર્મોહી થઈને આત્માનું ધ્યાન કર.**'

'**જો તું એકલો જ જવાનો હો...**' હે આત્મા! તું એકલો દેહ, કુટુંબ બધાને છોડીને જઈશ '**તો રાગ, દ્વેષ, મોહાદિ પરભાવોને છોડી દે.**' ભગવાન પરમાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ અને પરમાં મોહ છોડી, પોતાનો શુદ્ધ સ્વભાવ... 'યોગસાર' છે ને! પોતાનો શુદ્ધ પવિત્ર સ્વભાવનું અંદર ધ્યાન કર. એમાં લો લગાવી દે તો પરભાવ છૂટી જશે. '**જ્ઞાનમય આત્માનું ધ્યાન કર.**' ભગવાનઆત્મા જાણક.. જાણક.. જાણક.. જાણનાર.. જાણનાર.. જાણનાર.. જાણનાર.. આ જાણનાર ચૈતન્ય તે હું છું, એ સિવાય કોઈ રાગાદિ (તે હું નથી). જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં હુ, જ્યાં જ્યાં જ્ઞાન નહિ ત્યાં ત્યાં હું નહિ. રાગાદિ, દયા, દાન, ભક્તિ, વ્રત, જાત્રાના વિકલ્પ ઊઠે છે એ આત્મા નથી, એ તો રાગ છે. જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં આત્મા, જ્યાં જ્યાં જ્ઞાન નહિ તો રાગમાં આ જ્ઞાન નથી (તેથી તે હું નહિ). સમજાય છે કાંઈ? એ પુણ્ય પરિણામ છે તે જ્ઞાન નથી. જ્યાં જ્ઞાન નહિ ત્યાં આત્મા નહિ. સમજાય છે કાંઈ? ભારે ઝીણું, ભાઈ! આત્મા.. આત્મા.

ભાઈ! આત્મા તો ચૈતન્યજ્યોત છે ને! ચૈતન્યજ્યોત છે. જ્યાં જ્યાં ચૈતન્ય છે ત્યાં ત્યાં આત્મા છે અને જ્યાં જ્યાં રાગાદિ ઉત્પન્ન થાય છે ત્યાં ચૈતન્ય નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એવું પોતાનું સ્વરૂપ ચૈતન્યમય, રાગાદિ અચેતનથી તદ્દન ભિન્ન છે એમ જાણીને પોતાના સ્વરૂપની એકાગ્રતા કરવી તેનું નામ યોગસાર છે. કહો, સમજાણું કાંઈ? '**તો તું શીઘ્ર જ મોક્ષનું સુખ પામીશ.**' લ્યો!

'**આચાર્ય કહે છે કે હે શિષ્ય! જો તને એવો નિશ્ચય થઈ ગયો હોય કે તું એક દિવસ મરીશ અને તારે પરલોકમાં એકલા જ જવું પડશે, કોઈ પણ ચેતન કે અચેતન પદાર્થ તારી સાથે નહિ આવે, જેના પ્રત્યે તું રાગ કરે છે તે બધા અહીં જ છૂટી જશે...**' જેને તું રાગ કરે છે કે આ મારા પિતા, મારી માતા, મારી સ્ત્રી, મારું કટુંબ, મારા પુત્ર, મારા મકાન, મુનિમ (એ બધા) જેના પ્રત્યે તું રાગ કરે છે એ બધું છૂટી જશે. સમજાય છે કાંઈ? '**તો તેમના પ્રત્યે રાગકરવાનું તારા માટે વૃથા છે.**' જેના ઉપર તું રાગ કરે છે એ વસ્તુ તો છૂટી જશે, તારી સાથે તો આવશે નહિ માટે તારો રાગ વૃથા છે. તારી સાથે તો એ પરપદાર્થ આવતા નથી. '**આવા ક્ષણભંગુર પદાર્થો તરફ રાગ કરવો તે શોકનું અને દુઃખનું કારણ છે.**' ઠીક લખ્યું છે.

'**માટે તું હવે એવું કામ કર કે જેથી તને સ્થિરતા પ્રાપ્ત થાય,...**' ધ્યાન, ધ્યાન કીધું ને? એમ કર કે, જેમાં આત્મા પોતાની જ્ઞાનભૂમિકામાં આવી જાય. સમજાય છે કાંઈ? એવું કામ કરો કે ચૈતન્ય ભગવાનઆત્મા પોતાની જ્ઞાનભૂમિમાં આવી જાય, એ રાગ વિકલ્પ આદિ ભૂમિ આત્માની નહિ. સમજાય છે કાંઈ? '**અવિનાશી મોક્ષનું અનુપમ સુખ પ્રાપ્ત થાય,...**' વગેરે ઘણું (લખ્યું) છે. '**મૃત્યુ આવવા પહેલાં જ આવો પ્રયત્ન તું કરી લે એ તારા માટે યોગ્ય છે.**' તને યોગ્ય છે કે, દેહ છૂટવા પહેલા યત્ન કર. દેહ છૂટશે તે વખતે યત્ન થશે નહિ. ઘર બળશે ત્યારે કૂવામાંથી પાણી કાઢીશું. નહિ નીકળે, ઘર બળી જશે. દેહ છૂટવાના ટાણા આવ્યા, હવે ધર્મ કરો. શું ધર્મ કરે?

મુમુક્ષુ :— મર્યા પહેલાં વીલ કરી લેવું.

ઉત્તર :— મરતાં પહેલાં આત્માનો યત્ન કરવો. વીલ શું કરે? મરી જાય, વીલમાં ગરી જાવું છે એને? મરતા પહેલાં આત્માનો યત્ન કરવો, એમ કહે છે. સમજાય છે કાંઈ?

**'માનવશરીરથી જ શિવ પદ મળી શકે છે. દેવ, નારકી, પશુના શરીરમાં રહીને કદી પણ શિવપદ પ્રાપ્ત થઈ શકતું નથી. આ અવસર ગુમાવવો યોગ્ય નથી. તે ઉપાય આ જ છે કે જે જે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પોતાના નથી તેને પર સમજીને તે બધા તરફથી રાગ ઉઠાવી લે.'** શું કહે છે? જુઓ! જે પોતાથી પરદ્રવ્ય ભિન્ન, પરક્ષેત્ર ભિન્ન, પરદશા ભિન્ન, પરભાવ ભિન્ન (છે), જે પોતાથી પર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ (છે એમ) સમજીને બધા તરફથી રાગ ઉઠાવી લે. આ દેવ-ગુરુ-શાસ્ત્ર તરફથી પણ રાગ ઉઠાવી લે, એમ કહે છે. આહાહા..! છે? પાણીમાં 'ગુણવંત' એકલો મર્યો હશે, ત્યારે 'ફૂલચંદભાઈ'ને પોકાર કર્યો હશે? કે, 'ફૂલચંદભાઈ' ન મળે, અરે..! અહીં કોઈ બાપુ ન મળે. એકલા જાવું? આહાહા..! એકલા અંદરમાં ઘૂસી જઈને એકલું ધ્યાન કરે તો કોઈને વિઘ્ન કરે એવું છે? હેં?



મારું જ્ઞાન, મારું જ્ઞાન, મારું જ્ઞાન... લ્યો! 'શેઠિયા' કહે છે ને? 'શેઠિયા' નહિ? મારું જ્ઞાન, મારું જ્ઞાન. આ જ્ઞાનસ્વરૂપ આત્મા જાણનાર (છે). એ જાણનાર સ્વરૂપ ભૂમિકા મારી છે. જેટલા રાગાદિ ઉત્પન્ન થાય છે એ મારી ભૂમિકા નથી. મારી ઠરવાની જગ્યા એ નહિ. આહાહા..! બહાર તો ઠરવાનું નથી, અંદરમાં પણ દયા, દાન, વ્રત, ભક્તિના, જપ, તપના ભાવ આવે છે એમાં ઠરવાની ભૂમિકા એ નહિ. એ તો તેમાંથી નીકળવાની ભૂમિ છે. પોતાનું શુદ્ધ સ્વરૂપ જ્ઞાન ભગવાન, જેમાં મહાન પરમશાંતિ અને આનંદ ભર્યા છે, એવા પ્રભુ-આત્મામાં રુચિ, દૃષ્ટિ કરીને તેને ઠરવાની ભૂમિ જાણીને તેમાં ઠરવું એ પોતાથી એકલાથી થાય છે. (તેમાં) કોઈને સહાયમદદ છે નહિ. ઓ..હો...! (બધા તરફથી) **'રાગ ઉઠાવી લે.'**

**'કેવળ પોતાના જ જ્ઞાનસ્વરૂપી આત્માના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને પોતાના જાણીને તેમાં જ પરમ રુચિવાન થઈ જા.'** હવે એનો ખુલાસો કરશે, હોં! **'તેનો જ પ્રેમી થઈ જા, તેમાં જ મગ્ન રહેવાનો, તેના જ ધ્યાનનો અભ્યાસ કર. આત્માનો રસ પીવાનો ઉદ્યમ કર.'** પછી ખુલાસો કરશે. **'મારા આત્માને અખંડ, અભેદ એક દ્રવ્ય છે.'** જુઓ! આ દ્રવ્ય. હું અભેદ અખંડ પદાર્થ આત્મા છું એ મારું દ્રવ્ય--વસ્તુ. દ્રવ્ય એટલે પૈસા? એ..ઈ...! **'અસંખ્યાત પ્રદેશી ક્ષેત્ર છે,...'** અસંખ્ય પ્રદેશ એ મારું ક્ષેત્ર છે. બહારના મકાન-બકાનના ક્ષેત્ર (મારા નહિ). 'રાણપુર'નું ક્ષેત્ર, 'ઇન્દોર'નું ક્ષેત્ર, 'લાડનુ'નું ક્ષેત્ર... 'રતનલાલજી' એ ક્ષેત્ર કોના છે? એ તો પરનું છે. પોતાનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ છે. અસંખ્ય પ્રદેશ પોતાનું ક્ષેત્ર છે, પોતાનું અખંડ દ્રવ્ય તે પોતાનું દ્રવ્ય છે.

**'સમય પરિણમન કાળ છે,...'** પોતાની એક સમયની પરિણમન દશા એ પોતાનો કાળ છે. દિવસ, પહોર, રાત્રિ એ કાંઈ પોતાનો કાળ નથી. સમજાય છે કાંઈ? દ્રવ્યની પોતાની વર્તમાન પરિણતિઅવસ્થા, એક સમયની દશા એ પોતાનો કાળ છે, બીજો પોતાનો કાળ છે નહિ. **'જ્ઞાન, દર્શન, સુખ, વીર્યાદિ શુદ્ધ ભાવ છે,...'** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ લીધા. મારામાં જ્ઞાન, દર્શન, આનંદાદિ ત્રિકાળ ભાવ છે એ શુદ્ધ ભાવ મારો ભાવ છે. શુદ્ધભાવ મારો ભાવ છે, વર્તમાન અવસ્થા મારો કાળ છે, અસંખ્ય પ્રદેશ મારું ક્ષેત્ર છે, અખંડ દ્રવ્ય હું વસ્તુ છું. સમજાણું કાંઈ?

**'એ જ મારું સર્વસ્વ છે.'** લ્યો! **'કર્મસંયોગથી થવાવાળા રાગ, દ્વેષ, મોહભાવ, સંકલ્પ-વિકલ્પ, વિભાવ મતિજ્ઞાનાદિ ચાર જ્ઞાન વગેરે બધું પર છે.'** કર્મના સંયોગથી દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ (ભાવ થાય) એ બધા ભાવ મારા આત્માથી ભિન્ન છે, એવા શ્રદ્ધા-જ્ઞાન કરવા. સંકલ્પ-વિકલ્પ અને વિભાવ મતિજ્ઞાનાદિ ચાર, લ્યો! આ બાજુ છે ને? ભાઈ!

સમજાણું કાંઈ? મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિ, મનઃપર્યય પણ એક સમયની પર્યાય વિશેષ છે. સામાન્ય સ્વભાવ ત્રિકાળથી તે ભિન્ન છે. '**જે જે ભાવોમાં પુદ્ગલનું નિમિત્ત છે તે બધા ભાવ મારા (નિજ) સ્વાભાવિકભાવ નથી,...**' લ્યો! જે ભાવમાં કર્મનું નિમિત્ત છે તે મારો સ્વભાવભાવ નથી, બધા પર છે. આહાહા..! રાગ-દ્વેષ તો પર, પુણ્ય-પાપ, દયા, દાનના ભાવ પર, પણ નિમિત્તની અપેક્ષા રાખીને ક્ષયોપશમ જ્ઞાનાદિ છે તે પણ પર છે. હું ત્રિકાળ જ્ઞાન ચિદાનંદ સ્વરૂપ છું, એવી દૃષ્ટિ કરવી, એવી શ્રદ્ધા કરવી અને તેનું જ્ઞાન કરવું તે જ પોતાનો સ્વભાવ છે. સમજાણું? '**હું તો એકાકાર, પરમ શુદ્ધ સ્વસંવેદન ગોચર એક અવિનાશી દ્રવ્ય છું.**' ભગવાનઆત્મા સ્વસંવેદનપોતાના જ્ઞાનથી જ્ઞાનમાં જાણવામાં આવે છે. જ્ઞાન પોતાના જ્ઞાનથી જ્ઞાન જાણવામાં આવે છે. એવું સ્વ-સંવેદનસ્વથી પ્રત્યક્ષ, જ્ઞાનથી પ્રત્યક્ષ થનારો હું આત્મા છું. તેનું નામ આત્મા. રાગાદિ પર છે તેની સાથે મારે સંબંધ નથી. ઓ..હો..હો...! સમજાણું કાંઈ?

'સમયસાર'નો દાખલો આપ્યો છે. '**સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની એકતારૂપ જ એક નિશ્ચિત મોક્ષમાર્ગ છે,...**' એક જ મોક્ષમાર્ગ છે. વ્યવહાર-ફ્યવહાર મોક્ષમાર્ગ નથી. ભગવાનઆત્મા પૂર્ણ ચૈતન્યભાવ શુદ્ધ, તેનું અંતર સમ્યગ્દર્શન, તેનું નિર્વિકલ્પ જ્ઞાન, તેની વીતરાગી પર્યાય (થાય) તે એક જ મોક્ષમાર્ગની પર્યાય છે. બે મોક્ષમાર્ગ છે નહિ. '**જે કોઈ અન્ય દ્રવ્યોનો સ્પર્શ ન કરતાં એક આ જ આત્મામયી ભાવમાં ઠરે છે, તેનું જ નિરંતર ધ્યાન કરે છે, તેને જ ચેતે છે, તેમાં જ નિરંતર વિહાર કરે છે...**' તે શીઘ્ર મોક્ષને પામે છે.

## કરુણાસાગર 'પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ'ની ૮૭મી જન્મ જયંતી પ્રસંગે ધાર્મિક કાર્યક્રમ

મુમુક્ષુજીવોના પરમ તારણહાર 'પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ'ની આગામી ૮૭મી જન્મ જયંતી માગશર સુદ-૪, તા. ૩૦-૧૧-૧૯ થી માગશર સુદ-૮, તા. ૪-૧૨-૧૯ પર્યંત અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે. આ પ્રસંગે મંડલ વિધાન પૂજન, પૂજ્ય ભાઈશ્રીનાં ઑડિયો તથા વિડીયો સી.ડી. પ્રવચન, પૂજ્ય ગુરુદેવશ્રીનાં વિડીયો સી.ડી. પ્રવચન, પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની વિડીયો સી.ડી. તત્ત્વચર્ચા, ભક્તિ, સત્સંગ, સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવશે. તથા તા. ૩-૧૨-૧૯ના દિવસે જિનેન્દ્ર રથયાત્રાનો કાર્યક્રમ રાખવામાં આવશે. આ પ્રસંગે આવનાર મુમુક્ષુએ ટ્રસ્ટના કાર્યાલયમાં અગાઉથી સૂચના આપવા વિનંતી છે જેથી તેમના આવાસ તથા ભોજનની સમુચિત વ્યવસ્થા થઈ શકે.

કાર્યક્રમ સ્થળ : 'શ્રી શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર' પ્લોટ નં. ૧૯૪૨બી, શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે, ભાવનગર-૩૬૪૦૦૧

સંપર્ક : શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર-૩૬૪૦૦૧.

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (નવેંબર-૨૦૧૯)નું શુલ્ક**
**સ્વ. શ્રી શિવલાલજી મગનલાલજી સિંઘવી, ડબોક (ઉદયપુર),**
**હ. શ્રી સુમતિલાલ શિવલાલ શાહ, યુ.એસ.એ. તરફથી સાભાર પ્રાપ્ત થયું છે,**
**જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૮૪ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૨૨-૧૦-૧૯૮૨, પ્રવચન નં. ૯ (વિષય : માર્ગદર્શન)**



**પ્રશ્ન :- સ્વરૂપનો અનુભવ થયો ન હોય અને શુભને હેય જાણવાથી સ્વછંદી થઈ ન જાય?**

**ઉત્તર :- શુભરાગને હેય જાણવાથી શુભરાગ છૂટતો નથી. સ્વભાવનું મહાત્મ્ય આવતાં શુભરાગનું મહાત્મ્ય છૂટી જાય છે પણ શુભરાગ છૂટતો નથી. શુભરાગ તો ભૂમિકા અનુસાર એના કાળે આવ્યા વિના રહેશે નહિ. વસ્તુનું જેવું સ્વરૂપ હોય તેવું સાચું જ્ઞાન કરવાથી સ્વછંદતા થઈ શકે નહિ. ૮૪.**

૮૪. પ્રશ્ન કર્યો છે કે '**સ્વરૂપનો અનુભવ ન થયો હોય અને શુભને હેય જાણવાથી સ્વચ્છંદી થઈ ન જાય ?**' એમ કહે છે. આપ એમ કહો છો કે શુભ હેય છે. શુદ્ધતાની પ્રાપ્તિની અપેક્ષાએ, અશુભની પ્રાપ્તિની અપેક્ષાએ નહીં. પણ શુદ્ધ સ્વભાવની પ્રાપ્તિની અપેક્ષાએ શુભને આપે હેય કહ્યું પણ અહીંયાં એક અમને ડર છે, એક ભય છે કે હજી શુદ્ધની પ્રાપ્તિ થઈ નથી, સ્વરૂપનો અનુભવ નથી થયો અને અનુભવ થયા પહેલા શુભને હેય જાણીએ તો સ્વચ્છંદ નહીં થાય? આટલો સવાલ છે. અથવા એવા દાખલા, એવા દષ્ટાંત, એવા બનાવ પણ જોવામાં આવે છે કે જીવે શુદ્ધની પ્રાપ્તિ કરી ન હોય, શુદ્ધની પ્રાપ્તિ કરી ન હોય અને શુભને હેય જાણવા લાગે અને સ્વચ્છંદી થઈ ગયા હોય. આ તો બરાબર નથી, આવું થાય એ તો બરાબર નથી.

હવે પ્રશ્નનું હાર્દ શું છે એ જોવું જોઈએ. આમ કરતાં આમ થાય અને આમ કરતાં આમ થાય, કરવું શું, આ બધી મુશ્કેલી છે. કહે છે કે સ્વચ્છંદી થવું એ વિપરીતતા જરૂર છે, સ્વચ્છંદી થવું તે જરૂર વિપરીતતા છે અને વિપરીતતા તો કોઈ પણ તબક્કાના ઉપદેશથી વિપરીતતા થવી સંભવિત છે. એવી રીતે વિચારીએ તો કોઈપણ પ્રકારના ઉપદેશનો અવસર રહેતો નથી. કોઈ પણ ઉપદેશમાંથી વિપરીતતા આવી શકે છે, કોઈ પણ લાવો. કેમકે ઉપદેશની અંદર તો ઉપદેશાત્મક ભાષા જ આવે છે. પ્રથમ તો કોઈ પણ પ્રકારના ઉપદેશમાં જે ઉપદેશાત્મક ભાષા આવે છે, એમાં આમ કરવું ને આમ ન કરવું (એમ) વિધિ અને નિષેધથી ઉપદેશ દેવામાં આવે છે. તો મૂળમાં શુદ્ધ પરિણમનમાં તો પરિણામનું જ કર્તૃત્વ નથી. જે કોઈ શુદ્ધ પરિણામ છે એ તો અકર્તાપણે, સહજપણે શુદ્ધ થાય અને વર્તે. એમાં કરવું, ન કરવું એ તો વિપર્યાસ છે. કર્તૃત્વ પોતે જ વિપર્યાસ છે. ત્યાંથી માંડીને સર્વ બાહ્ય ક્રિયામાં તો રાગ સહિત જ બાહ્ય ક્રિયા થાય છે, તો એમાં રાગના ઉપદેશનો સવાલ થઈ જશે. એવું કોઈ પણ તબક્કે વિપર્યાસ આવવાની સંભવિતતા તો છે. એને નકારી શકાતો નથી. વિપર્યાસના સંભવને નકારી શકાતો નથી. પણ કોને વિપરીતતા આવે અને કોને વિપરીતતા ન આવે એ વિષય પહેલા યથાર્થપણે સમજી લેવો જોઈએ, આમ છે.

કોને વિપરીતતા આવે? કે જેને છૂટવું નથી, બંધાવું છે એને તો ગમે ત્યાંથી વિપરીતતા આવશે. પણ જેને છૂટવું છે અને કોઈ હિસાબે બંધાવું નથી એને ક્યાંય વિપરીતતા નહીં આવે. બીજી રીતે કહીએ કે જેને નિર્દોષ થવું છે, નિર્દોષ થવું છે એમ નહીં પરિપૂર્ણ નિર્દોષ થવું છે એને કોઈ તબક્કે વિપરીતતા નહીં આવે. જૈનદર્શનનો પહેલો સિદ્ધાંત વાંચ્યો ત્યારે એ વિચાર આવ્યો હતો કે એક દ્રવ્ય બીજા દ્રવ્યથી ભિન્ન છે, એવું પહેલુંવહેલું જ્યારે વાંચ્યું ત્યારે પહેલો વિચાર આવ્યો કે બીજાની દયા પાળવાના જે પરિણામ આવે છે એનું શું? અને આમ સ્વીકારવામાં આવે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યથી ભિન્ન છે, એમ જો સ્વીકારવામાં આવે તો આ દયા પાળવાનું બંધ નહીં થાય? હવે કહેનારને, એક દ્રવ્યથી બીજું દ્રવ્ય ભિન્ન છે, એમ કહેવામાં દયાનું પ્રકરણ ચાલતું નથી. પછી વિચાર શું આવ્યો? તરત જ શું વિચાર આવ્યો? ત્યાં થોડી વિચારણા લંબાણી કે અહીંયાં કહેનારને કોઈ દયાનું પ્રકરણ હાથમાં લઈને આ વાત કહેવાની શરૂ કરી છે, એમ તો છે નહીં. પછી જે વાત અહીંયાં માંડી નથી એ વાત અહીંયાં લાવવાનો ક્યાં પ્રશ્ન રહે છે? એક. તો કહેનારે શું વાત કહેવી છે? કહેનારનું અહીંયાં શું કહેવાનું પ્રયોજન છે? કે આ જીવ પરપદાર્થમાં મમત્વ કરે છે. આ જીવનો કોઈ બીજો પદાર્થ આ જીવસ્વરૂપે નહીં હોવા છતાં, કોઈ રજકણ કે કોઈ બીજો જીવ આ જીવસ્વરૂપે નહીં હોવા છતાં આ જીવ તેમાં અવશ્ય મમત્વ કરે છે અને એ મમત્વ વસ્તુના સ્વરૂપજ્ઞાન અનુસાર તૂટી જવું જોઈએ. માત્ર સ્વરૂપજ્ઞાન વિનાનો જે વૈરાગ્ય છે એ તો કોઈ ને કોઈ કષાયગર્ભિત વૈરાગ્ય હોય છે. કાં તો માનકષાયગર્ભિત, ક્યાં માયાકષાયગર્ભિત, ક્યાં લોભકષાયગર્ભિત, કાં ભયકષાયગર્ભિત, કોઈ ને કોઈ કષાયગર્ભિત હોય છે. એ અશુદ્ધતા ને મલિનતા ને દોષના આધારે તો નિર્દોષતા થઈ શકે નહીં. એટલે એ રીતે તો કાર્યની સિદ્ધિનો પ્રકાર સમ્યક્ નથી. એ વૈરાગ્ય સમ્યક્ પ્રકારે નથી.

પણ વસ્તુના જ્ઞાન અનુસાર, વસ્તુનું જે સ્વરૂપ છે એ સ્વરૂપજ્ઞાનને અનુસાર, અહીંયાં વસ્તુનું સ્વરૂપ સ્થાપે છે તો એની સાથેસાથે એમાંથી અધ્યાત્મની ઉત્પત્તિ ક્યાં થાય છે? એમાં આત્માનો આધાર કેવી રીતે આવે છે? કે પરપદાર્થના મમત્વનો અભાવ થઈને પરનો આધાર છૂટે છે અને સ્વનો આધાર ઊભો થાય છે. એવી મુદ્દાની અને એવા પ્રયોજનની વાતમાં દયાનો પોઈન્ટ (વચ્ચે લાવવો જોઈએ નહીં). .... ને હેય જાણવા છતાં તે સ્વચ્છંદી થાય નહીં, એમ એમાંથી નીકળે છે.

હવે ઉત્તર જોઈએ. ઉત્તર : '**શુભરાગને હેય જાણવાથી શુભરાગ છૂટતો નથી.**' હવે શું કહે છે? કે જેને ઉપાદેય જાણ્યો હતો અને માન્યો હતો, તેને ઉપાદેય નથી એમ જાણતા અને એમ માનતા તે જ કાળે એવા શુભરાગનો પૂરો અભાવ થતો નથી, એનો નાશ થઈ જતો નથી પણ તેના ઉપરનું વજન છૂટી જાય છે. એટલો ફેર પડે છે. થાય છે ખરો પણ વજન થતું નથી અથવા રસ છૂટી જાય છે. '**શુભરાગને હેય જાણવાથી શુભરાગ છૂટતો નથી. સ્વભાવનું મહાત્મ્ય આવતાં શુભરાગનું મહાત્મ્ય છૂટી જાય છે પણ શુભરાગ છૂટતો નથી.**' ક્યાં સુધી શુભરાગ આવે છે? કે બુદ્ધિપૂર્વક છઠ્ઠા ગુણસ્થાન સુધી પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, અઠ્ઠાવીસ મૂળગુણ એ વ્રત, સંયમનો શુભરાગ આવે છે અને અબુદ્ધિપૂર્વક ઠેઠ દસમા ગુણસ્થાન સુધી, સૂક્ષ્મસાંપ્રાય છે ને, એ લોભનો પર્યાય છે. સૂક્ષ્મ લોભ અબુદ્ધિપૂર્વકનો દસમા ગુણસ્થાન સુધી છે. અગિયારમે અને બારમે તો વીતરાગચારિત્ર છે, ત્યાં પછી રાગની ઉત્પત્તિ નથી.

તો કહે છે કે '**સ્વભાવનું મહાત્મ્ય આવતાં શુભરાગનું મહાત્મ્ય છૂટી જાય છે...**' સ્વભાવના જાણવાના તબક્કામાં, જે કોઈ જીવ હજી સમજણના તબક્કામાં છે એ સ્ટેજે એને આત્માનું સ્વરૂપ બતાવવામાં આવે છે અને શુભાશુભ રાગનું પણ સ્વરૂપ બતાવવામાં આવે છે. એ શુભાશુભ રાગનું સ્વરૂપ બતાવતાં એનો સ્વભાવ અને એનું ફળ એ વગેરે બતાવવામાં આવે છે, સાથે સાથે સ્વભાવને જાણીને શુદ્ધ પરિણમતા એ શુદ્ધતાનો સ્વભાવ અને એનું ફળ પણ બતાવવામાં આવે છે. આમ જ્યાં સમજણનો તબક્કો છે ત્યાં બન્ને પ્રકારના ભાવોની સમજણ થતાં અને તે પણ તુલનાત્મકબુદ્ધિથી સમજણ થતાં તોળે છે ત્યાં એ અનાદિનો એનો તોલ છે એ ફરે છે. વજન છૂટે છે, મહાત્મ્ય છૂટે છે એનો અર્થ શું છે? કે એનો જે તોલ છે એ ફરે છે. જે શુભરાગ અને જે શુભરાગની ક્રિયામાં એનું વજન હતું તે વજન ફરી જાય છે. શુભરાગ પણ રહે છે અને શુભરાગને અનુસર-

તી મન-વચન-કાયાની ક્રિયા પણ રહે પણ એનું વજન રહે નહીં અને એનું મહાત્મ્ય રહે નહીં. આમ છે.

પ્રાયઃ જે કાંઈ ગડબડ છે એ આ વિષયની છે. તમામ સંપ્રદાયમાં, ધર્મના તમામ સંપ્રદાયમાં અને વર્તમાન વર્તતા જૈન સંપ્રદાયમાં પણ આ પરિસ્થિતિ છે કે શુભભાવ કરે છે જીવો એનો બહુ જ્ઞાનીને વાંધો નથી, પણ શુભભાવો ઉપર જે જીવોનું વજન છે એનો હરગીજ વાંધો છે. આ તકલીફ છે. કહે છે કે પાયાનો ફેરફાર આ પ્રકારે થવો જોઈએ કે સ્વભાવનું મહાત્મ્ય આવવું જોઈએ. અનંત ગુણ જે સ્વભાવમાં રહેલા છે એવા ગુણનું મહાત્મ્ય આવવું જોઈએ અને અવગુણનું મહાત્મ્ય છૂટી જવું જોઈએ. શુભરાગમાં પણ અવગુણ છે, દોષ છે. કેમકે આખરમાં તે રાગ છે.

રાગ છે તેનાથી સ્વહિંસા થાય છે અને રાગ છે તેનાથી જ પરહિંસા થાય છે. હિંસાનું કોઈ મૂળ હોય તો તે રાગ છે. પણ એમ કહે છે કે પંચ મહાવ્રતમાં તો પરની અહિંસા છે, તો કહે છે, ભલે પરની અહિંસા છે પણ અહીંયાં સ્વની હિંસા હજી ઊભી છે. જે જીવ હિંસાને માને છે તે આજે સ્વની કરે છે તો કાલે પરની કરતાં કેમ અચકાશે? અને એ દ્રવ્યલિંગીનું જોવામાં આવે છે કે નિરતિચારપણે પંચ મહાવ્રતને પાલન કરનારો જીવ પરની હિંસા નહીં કરતો હોવા છતાં, પરની હિંસા આજે નથી કરતો એ કાલે કરતો થઈ જાય છે. ભવાંતરમાં પાછી એ પરિસ્થિતિ ઊભી થાય છે. કેમકે મૂળમાં એણે જે સ્વહિંસા છે એ ચાલુ રાખી છે.

હિંસાનો અને દયાનો વિષય પણ એક બહુ મોટું પ્રકરણ છે, જબરદસ્ત પ્રકરણ છે. જે જીવ પોતાને ન સમજે, પોતાને ન જાણે અને પોતાની હિંસા-અહિંસાનો અને પોતાની દયા-અદયાનો, સ્વદયાના વિષયને ન સમજે તે પરદયાના વિષયને સમજે છે એ વાત રહેતી નથી. દસ વૈકાલિકમાં તો આ પહેલું સૂત્ર છે, સ્થાનકવાસીમાં છે ને દસવૈકાલિક, કે જે જીવના સ્વરૂપને જાણતો નથી અને જે અજીવના સ્વરૂપને જાણતો નથી તે સાધુ સંયમને કઈ રીતે જાણે? આમ લીધું છે. પહેલુંવહેલું 'શ્રીમદ્'માંથી આ વાંચ્યું હતું. એમણે દસવૈકાલિકનું પોતાની જ ભાષામાં અવતરણ કર્યું છે. એમાં એ વાત લીધી છે. સારી વાત છે કે જે જીવના સ્વરૂપને જાણતો નથી, જે અજીવના સ્વરૂપને જાણતો નથી તે સાધુ સંયમને કઈ રીતે જાણે? કે એને સંયમને જાણવાનો પ્રશ્ન રહેતો નથી.

કહેવાનો મતલબ એ છે કે જૈનદર્શનનો મૂળ પાયો સ્વરૂપજ્ઞાનથી શરૂ થાય છે અને એ સ્વરૂપજ્ઞાનપૂર્વક નિર્દોષતા કઈ રીતે ઊભી થાય છે એનું આખું લોજીકનું જે ચણતર છે એનો પાયો વસ્તુના સ્વરૂપનું જ્ઞાન છે. આ એક અલૌકિક વિષય છે. એમાં જીવના સ્વરૂપનું જ્ઞાન, એમાં રહેલા ગુણધર્મોનું વિજ્ઞાન, અજીવમાં અજીવના સ્વરૂપનું જ્ઞાન અને એ જડ રજકણમાં રહેલા ગુણધર્મનું જ્ઞાન અને એ બન્ને પદાર્થોનો આપસમાં પરસ્પર સંબંધ શું અને અસંબંધ શું? કેટલું લાગેવળગે છે અને કેટલું લાગતુંવળગતું નથી, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ શું? અને કર્તા-કર્મ સંબંધ શું? એ દ્વારા એનું આખું સ્પષ્ટીકરણ કરીને, એ આખી સમજણનો અને આખા વિસ્તારનો વળાંક જીવને મૂળમાંથી સમ્યક્ પ્રકારે નિર્દોષતા આવે અને દોષ ટળે એના ઉપર આખો વિષય લઈ જવામાં આવ્યો છે.

અહીંયાં એમ કહે છે કે શુભરાગને હેય જાણવાથી કાંઈ તે વખતે શુભરાગ છૂટી જાય છે અને જીવ સ્વચ્છંદે ચડી જાય છે એમ માનવા જેવું નથી. પરંતુ જ્યારે શુભરાગ હેય છે એમ સમજાવવામાં આવે છે ત્યારે આત્માનો શુદ્ધસ્વભાવ ઉપાદેય છે અને શા માટે ઉપાદેય છે, કેવા કેવા ગુણો અંદરમાં ભરેલા છે અને કેવી શુદ્ધતા છે કે જેને લઈને તે ઉપાદેય છે, એ વાત પણ સાથેસાથે જ સમજાવવામાં આવે છે. તેથી **'સ્વભાવનું મહાત્મ્ય આવતાં શુભરાગનું મહાત્મ્ય છૂટી જાય છે...'** અથવા તો ભ્રમથી, ભૂલથી જીવે શુભરાગમાં ધર્મ માન્યો હતો, એ જે એની માન્યતા છે એ આખી પલટી જાય છે. ભલે અશુભરાગ ધર્મ નથી, તેમ શુભરાગ પણ ધર્મ નથી પણ વીતરાગતા તે ધર્મ છે એમ એને સમજવા મળે છે. અને એ શુભરાગનું મહાત્મ્ય છૂટી જાય છે અને સ્વભાવનું મહાત્મ્ય આવે છે ત્યારે પણ શુભરાગ તો છૂટતો નથી. ત્યારે પણ એને શુભરાગ સાધકદશાવાળા જીવને પણ આવે છે. જો જેને શુદ્ધાત્મ સ્વરૂપનો અનુભવ થયો છે એને પણ શુભરાગ આવે છે તો અનુભવ નથી થયો અને સમજણના તબક્કામાં રહ્યો છે એને શુભરાગ નહીં આવે એ વાત તો કાંઈ રહેતી નથી.

શુભરાગ એટલે કષાયની મંદતા, શુભરાગમાં શું થાય છે? કષાય મંદ થાય છે. અને એ તો નિગોદના જીવને પણ થાય છે. કોને? નિગોદના જીવને થાય છે. નિગોદનો જીવ એકેન્દ્રિય અવસ્થા છોડીને પંચેન્દ્રિય ક્યાંથી થાય છે? ત્યાં તો કાંઈ દેવ, ગુરુ ને શાસ્ત્ર છે નહીં. તેમ કાંઈ મન નથી કે બુદ્ધિપૂર્વક કોઈ પ્રવૃત્તિ કરે. છતાં અબુદ્ધિપૂર્વક પણ કષાયની તીવ્રતા-મંદતા, તીવ્રતા-મંદતા પરિણામમાં થયા જ કરે છે. કોઈ પણ જીવને ક્યારેય કષાય એકસરખો ચાલુ રહે એવું કદી બને નહીં. કોઈ એવો મંદ કષાયનો હિમાયતી જીવ હોય કે હું તો કાયમ મંદ કષાય જ કરું અને તીવ્ર કષાય કરું જ નહીં, એને પણ કષાયની મંદતા રહે અને તીવ્રતા ન થાય એવું કદી બને નહીં. એ કષાયનો સ્વભાવ છે, તીવ્ર-મંદ થવું એ કષાયનો સ્વભાવ છે. મંદ પણ થાય અને તીવ્ર પણ થાય, તીવ્ર થાય અને મંદ થાય એવો એનો કુદરતી સ્વભાવ છે અને તે અનિવાર્ય છે, સ્વભાવ છે એટલે તે અનિવાર્ય છે. તેથી જો એનાથી બચવું જ હોય તો એને એકલી તીવ્રતા છોડવી નહીં પાલવે, એને તીવ્રતા ને મંદતા બેયને છોડીને કષાયનો અભાવ કરવો જોઈએ. તો જ બચી શકશે, નહીંતર તીવ્ર કષાયથી બચી શકશે નહીં. એ કુદરતી પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :—

સમાધાન :— હા, શુદ્ધસ્વભાવ પ્રગટતાં સમ્યક્ પ્રકારે કષાયનો અભાવ શરૂ થાય છે. જ્યારે ચોથા ગુણસ્થાનથી મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે ત્યારે સમ્યક્ પ્રકારે કષાયનો અભાવ શરૂ થાય છે. અને કષાયનો અભાવ શરૂ થાય છે તે અંશે, અંશે, અંશે અભાવ જે છે એ વધતો જાય છે અને શુદ્ધતાનો સદ્‌ભાવ વધતો જાય છે. કષાયનો અભાવ વધતો જાય છે, શુદ્ધતાનો સદ્‌ભાવ વધતો જાય છે. હવે એ જે શુદ્ધતાનો સદ્‌ભાવ આંશિક થયો અને આંશિક અશુદ્ધતારૂપ કષાય રહ્યો ત્યારે પરિસ્થિતિ એટલી ફરે છે કે તીવ્ર કષાય ઘટી જાય છે અને મંદ કષાય વધે છે. હવે રહેલો કષાય, બાકી બચેલા કષાયની શું પરિસ્થિતિ? કે તીવ્ર કષાય ઘટી જાય છે અને મંદ કષાય વધી જાય છે. એવા ધર્મીજીવોમાં પણ કષાયની મંદતા જોઈને બીજા જીવોને, જે શુદ્ધતાને સમજી શકતા નથી એવા બીજા જીવોને એમ થાય છે કે ધર્મી જીવો પણ કષાય તો મંદ કરે છે માટે આપણે પણ કષાયને મંદ કરવો જોઈએ. તો એ રીતે કોઈ કષાયની મંદતાની નકલ કરવાથી ધર્મની પ્રાપ્તિ થાય—શુદ્ધતાની પ્રાપ્તિ થાય એવું તો બનતું નથી.

અહીંયાં શું કહે છે? કે એ રીતે શુભરાગ છૂટતો નથી. **'શુભરાગ તો ભૂમિકા અનુસાર તેના કાળે આવ્યા વિના રહેશે નહીં.'** શું કહે છે? જે શુભરાગ છે એ મિથ્યાદષ્ટિ જીવને એની ભૂમિકા અનુસાર, મુમુક્ષુને મુમુક્ષુતાની ભૂમિકા અનુસાર, સમ્યગ્દૃષ્ટિ જીવને અવિરત સમ્યગ્દૃષ્ટિની ભૂમિકા અનુસાર, પંચમ ગુણસ્થાનવર્તી જીવને દેશવિરત ગુણસ્થાન અનુસાર અને સર્વવિરતિ છઠ્ઠા ગુણસ્થાનમાં સાધુની ભૂમિકા અનુસાર એને આવ્યા વિના રહેશે નહીં. માટે એની કિંમત ઉડાડી દીધી, એને હેય જાણ્યો માટે એ આવતો નથી એમ નથી. દરેક જીવને પોતાની ભૂમિકા અનુસાર આવે છે.

જ્ઞાનમાં અને અજ્ઞાનમાં માત્ર ફરક એટલો પડે છે કે જ્ઞાની એની અશુદ્ધતા, મલિનતા, સકષાયપણું, અપવિત્રપણું, દોષિતપણું જાણીને એને કિંમત આપતો નથી, અજ્ઞાની એની સદોષતા જોઈ શકતો નથી એટલે એને નિર્દોષ જાણીને એને જ મહત્વ આપે છે અને તેથી તે અજ્ઞાની શુદ્ધતાને પ્રાપ્ત કરી શકતા નથી. આમ પરિસ્થિતિ છે.

મૂળ તો પ્રશ્નની અંદર એક વાત તો એ છે કે સ્વરૂપનો અનુભવ ન થયો હોય ત્યાં સુધી તો શુભ ઉપાદેય રાખવું જોઈએ અને અનુભવ થતાં શુભને હેય જાણવું જોઈએ. પણ જ્યાં સુધી શુદ્ધની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી શુભને હેય માનીએ તો અશુભમાં આવી જવાય. આ એક દહેશત છે. આવો એક એની અંદર પ્રશ્નકારનો ધ્વનિ છે. તો એને એમ કહે છે કે જેને શુદ્ધતા પ્રાપ્ત નથી થઈ તેને પણ શુભને હેય જાણીને શુદ્ધતા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન વર્તવો જોઈએ. તો તેને શુભને હેય જાણવાથી કોઈ દોષની ઉત્પત્તિ(રૂપ) સ્વચ્છંદમાં નહીં અવાય. પણ જે જીવ શુદ્ધતાના પ્રયત્નથી વંચિત રહે, શુદ્ધતાનો પ્રયત્ન ન કરે અને શુભને હેય જાણે તો એને દોષિત થવાનો સંભવ છે. આટલી વાત છે એની અંદર. કારણ કે પ્રશ્નકારનો પ્રશ્ન છે કે અમને શુદ્ધતાની તો પ્રાપ્તિ થઈ નથી, એટલે શુદ્ધ સ્વરૂપનો અનુભવય થયો નથી અને શુભને પહેલા હેય જાણી લેવામાં આવે તો તકલીફ થાય કે ન થાય! કે તકલીફ તો જ ન થાય કે જો જીવ શુભને

હેય જાણીને શુદ્ધતાના પ્રયત્નમાં વર્તે તો. જો શુભને હેય જાણે અને શુદ્ધતાના પ્રયત્નમાં ન વર્તે તો સંભવ છે કે એને સ્વચ્છંદતા આવશે, આમ પણ છે.

એટલે એ 'શ્રીમદ્જી'એ લીધું છે ને 'આત્મસિદ્ધિ'માં એમાંથી આ નીકળે છે કે 'વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન; તેમ જ આતમજ્ઞાનની પ્રાપ્તિ તણાં નિદાન.' કહે છે કે વૈરાગ્યાદિ જે બાહ્ય શુભક્રિયા છે, શુભરાગના ભાવ છે, એ આત્મજ્ઞાન સહિત જીવને તો એ સફળ છે. કેમકે તેને તો જ્ઞાન વર્તે છે કે આ વૈરાગ્યાદિના પરિણામ એ આખરમાં મંદ રાગના પરિણામ છે, તે ખરેખર મોક્ષમાર્ગ નથી પણ આત્મજ્ઞાન છે તે મોક્ષમાર્ગ છે. આત્મજ્ઞાન સહિતના એ પરિણામ છે એટલે આત્મજ્ઞાન છે તે મોક્ષનો માર્ગ છે. તો એને જે વૈરાગ્યના પરિણામ છે એનો દોષ નહીં થાય, એનું અભિમાન નહીં થાય કે હું વૈરાગી છું, હું ત્યાગી છું. નહીંતર એ પહેલાના વૈરાગ્યમાં વૈરાગ્યનું અહંપણું આવવાનો સંભવ છે. જુઓ! ત્યાં પણ દોષનો સંભવ થઈ ગયો ને! કોઈ પણ તબક્કે તો વિપરીતતા આવી શકે. વૈરાગ્ય ધારણ કરે ને વૈરાગ્યનું અભિમાન આવે, ત્યાગ કરે ને ત્યાગનું અભિમાન આવે. જે કાંઈ ક્રિયા કરે એ ક્રિયાનું અભિમાન આવે. દરેક જગ્યાએ દોષ તો આવશે.

જો જીવને માર્ગ સમ્યક્ પ્રકારે હસ્તગત ન થાય તો એને કાંઈ ને કાંઈ બીજી વિપરીતતાની ગડબડ ઊભી થયા વિના રહે નહીં. આ પરિસ્થિતિ અનિવાર્ય છે. એટલે એમ કહ્યું કે કાં તો આત્મજ્ઞાન હોય એને વાંધો નથી એટલે શુદ્ધ સ્વરૂપનો અનુભવ હોય એને વાંધો નથી અને એક આત્મજ્ઞાનની પ્રાપ્તિના નિદાન એટલે આત્મજ્ઞાનની પ્રાપ્તિનો જેને પ્રયત્ન હોય તેને વૈરાગ્યાદિ સફળ છે. એને વાંધો આવશે નહીં. એને સ્વચ્છંદ નહીં થાય. આમ વાત છે.

કહે છે કે '**વસ્તુનું જેવું સ્વરૂપ હોય તેવું સાચું જ્ઞાન કરવાથી સ્વચ્છંતા થઈ શકે નહીં.**' વસ્તુના સ્વરૂપનું સાચું જ્ઞાન, જ્ઞાન કરવું એવું ન લીધું. વસ્તુના સ્વરૂપનું જ્ઞાન કરવાથી સ્વચ્છંદતા થઈ શકે નહીં, એમ નહીં, સાચું જ્ઞાન કરવાથી. પોતાના નિજહિતના અર્થે જ્ઞાન કરવું છે. જ્ઞાન કરવાનું પ્રયોજન કોઈ માહિતિ મેળવવી છે એમ નથી કે જેમ આપણે પાઠશાળામાં શીખીએ છીએ જીવપદાર્થમાં કેટલા ગુણ ? પ્રશ્ન પૂછાય ને કે અનુજીવી ગુણના પ્રકાર કહો, પ્રતિજીવી ગુણના પ્રકાર કહો. ચાલો, જવાબ આવ્યો સાચો, એમ નહીં. એના હિતના અર્થે સમજવું છે. જીવના સ્વરૂપને અને અજીવના સ્વરૂપને, સમજણની પાછળ સાચું જ્ઞાન કરવું છે તે નિજહિતના પ્રયોજન સહિતનું જે જ્ઞાન કરવું છે, તે જ્ઞાન સાચું જ્ઞાન છે અને જ્ઞાન કરવામાં આ પ્રયોજન ન હોય તો એ જ્ઞાન ભલે વસ્તુના સ્વરૂપ અનુસાર, શાસ્ત્રમાં કહેલું હોય એ અનુસાર જ્ઞાન હોય તો(પણ) એ જ્ઞાન સાચું નથી. એ જ્ઞાન જૂઠું જ્ઞાન છે, સાચું જ્ઞાન નથી પણ જૂઠું જ્ઞાન છે.

તેથી વસ્તુનું જેવું સ્વરૂપ હોય તેવું સાચું જ્ઞાન કરવાથી સ્વચ્છંદતા થઈ શકે નહીં. એ સ્વચ્છંદથી બચવા માટે એણે પોતાનું હિત કરવું છે અને હિત કરવું છે એટલે નિર્દોષ થવું છે અને દોષ ટાળવા છે એને હિત કરવું છે એમ કહેવામાં આવે છે. એ સિવાય હિત માટેની બીજી કોઈ પરિભાષા છે નહીં.

હિત એટલે શું છે કે જે હિતકર છે તે સુખકર છે. લીધું છે? હિતકર છે તે સુખકર છે. 'રાજમલજી'એ પહેલા કળશમાં લીધું છે. 'સાર' શબ્દનો અર્થ લીધો છે ને? 'સમયસાર', સાર એટલે હિતકર, અને હિતકર એટલે સુખકર. જેનાથી સુખી થવાય (તે હિતકર છે). તો સુખને નિર્દોષતા સાથે અવિનાભાવી સંબંધ છે અને દુઃખને સદોષતા સાથે અવિનાભાવી સંબંધ છે. કોઈ એમ તર્ક કરે કે ભાઈ, ઘણો દોષ અને ઘણા પાપ કરનારાને અમે તો સુખી અને લહેર કરતાં જોઈએ છીએ. તો કહે છે, તારી નજર ખોટી છે, તને જોતાં આવડતું નથી. એ અનંત દુઃખી છે. તે કાળે તે સુખી નથી પણ અનંત દુઃખી છે. પણ અમને લહેર કરતાં દેખાય છે એનું શું? મોટર, ગાડી, બંગલો, શરીરની તંદુરસ્તી લાલ ચણોઠી જેવા હોય છે, હેં! એનું શું? કહે છે કે ભાઈ! એ કાંઈ સુખનું સ્વરૂપ નથી. મોટર, ગાડી, બંગલો અને શરીરની તંદુરસ્તી એ કાંઈ સુખનું સ્વરૂપ નથી. પણ તારી નજરમાં એને તેં સુખ કલ્પ્યું છે અને એણે પણ કલ્પ્યું છે એટલે એ પોતાને સુખી માને છે. પણ સન્નિપાતમાં હસતો હોય, ખડખડાટ હસે. મરતાં પહેલાની ક્ષણોમાં આ પરિસ્થિતિ ઊભી થાય છે કે એ રોગ વકરી જાય છે અને રોગ ઉપર કંટ્રોલ રહેતો નથી ત્યારે ખડખડાટ હસે. જે એના સમજદાર છે, એવા એના કુટુંબમાં સમજદાર હોય છે ત્યારે એને ફાળ પડે છે કે ખલાસ, હવે

આ ખલાસ થઈ ગયો. એ હસે છે એની સાથે બીજા હસવા લાગતા નથી. સમજે છે એ તો રોવા લાગે છે કે ખલાસ હવે આ શાંત થઈ જશે. આ એની પરિસ્થિતિ છે.

એમ જ્ઞાનીની નજરમાં એ જોવે છે કે ભાઈ, આને હવે તીવ્ર રસ ઊપજ્યો છે. પરપદાર્થનો અને પાપના અશુભ પરિણામનો, અશુદ્ધતાનો તીવ્ર રસ ઊપજ્યો છે એમાં એ પોતાને ખુશી માને છે, પોતાને રાજી માને છે, (એ) મરી જશે બિચારો. એક વખત મરી જશે નહીં પણ અનંત વાર જન્મ-મરણ આની પાછળ પડ્યા છે. એ પક્કડમાં, અશુદ્ધતાની પક્કડમાં અનંત જન્મ-મરણ ઊભા છે એને જ્ઞાની જોવે છે એટલે એને કરુણાથી કહે છે કે ભાઈ! એ સુખનું સ્વરૂપ નથી, એમાં સુખ નથીય. સુખ તો નિર્દોષતા સાથે બંધાયેલું છે અને સદોષતા સાથે તો દુઃખ બંધાયેલું છે. એમાંથી સુખ થવાનો પ્રસંગ હોઈ શકે નહીં.

એટલે એમ કહે છે કે સાચું જ્ઞાન કરે, વસ્તુનું સત્ય જ્ઞાન કરે, સત્ય સ્વરૂપનું જ્ઞાન કરે અને એ સત્ય સ્વરૂપના, આત્માના સત્ય સ્વરૂપમાં તો અનંત નિર્દોષતા છે, એકલા ગુણ છે. એ ગુણવાનનું જ્ઞાન કરે અને એને અવગુણ ઊપજે, એ વાત તું ક્યાંથી લાવ્યો? એ વાત બની શકે એવું નથી. અહીં સુધી રાખીએ. વિશેષ લઈશું...

## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા લિખિત અનુભવ સંજીવનીમાંથી જ્ઞાનદશા–અજ્ઞાનદશા સમીક્ષા સંબંધિત ચૂંટેલા કેટલાક ખાસ અધ્યાત્મરસસભર વચનામૃતો

અજ્ઞાનદશામાં પૂર્વ પુણ્યના ઉદયે સંયોગરૂપ સામગ્રી—ક્ષણિક—અનિત્ય હોવા છતાં—નિત્યપણે ભાસે છે; કે જાણે 'આ બધું' મારે કાયમ રહેવાનું છે; તેથી તેનો તથારૂપ રસ-પરિણતિ બની જાય છે; જ્યારે તેથી ઊલટું—

જ્ઞાનદશામાં પુણ્યયોગે બાહ્ય વૈભવમાં જ્ઞાની હોય તો તેમાં પોતાની નિત્યપૂર્વક અનિત્યતાનું ભાન રહે છે. તેથી તેને તેમયાદ્રં રસ આવતો નથી. જ્ઞાન પરિણતિ યથાવત રહે છે. ૭૪.

***

અન્ય જીવો અને પુદ્‌ગલોની ચિત્ર-વિચિત્ર અવસ્થાનું નિમિત્ત પામીને જગતમાં જીવો રાગ-દ્વેષ, ઈષ્ટ-અનિષ્ટરૂપ ભાવો કરે છે.—જ્યારે સમ્યક્‌જ્ઞાનમાં અંતર્મુખનું ધ્યેય (અર્થાત્ દ્રવ્યદૃષ્ટિ) વર્તતું હોવાને લીધે તે તે પરદ્રવ્યની પર્યાયો માત્ર જ્ઞેયરૂપે પ્રતિભાસે છે. જ્ઞાન તટસ્થ-જ્ઞાતા ભાવે રહે છે. ધ્યેયની અર્થાત્ ધ્રુવ સ્વરૂપની મુખ્યતા રહે છે. તેથી અન્ય જ્ઞેયો ગૌણપણે જણાય છે.—આ વીતરાગી જ્ઞાનકળા છે—અબંધ પરિણામ છે. પરિણામની આબવી ચાલ થવી/ઢળક થવી, પરિણમનશીલતા થવી, એવો જ જેનો મૂળ સ્વભાવ છે; તેવા ગુણનિધાન મહા પવિત્ર નિજ આત્મદેવને અભેદ ભક્તિએ નમસ્કાર!! ૯૩.

***

મિથ્યાત્વના સદ્‌ભાવમાં મતિ-શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ પરરસ—વેદન વધવામાં નિમિત્ત થાય છે. તે જ ક્ષયોપશમ સમ્યક્‌ત્વના સદ્‌ભાવમાં, કષાયરસ તૂટવાથી અને અકષાય સ્વરૂપમાં સ્થિતા—રસ વધવાથી, સ્વસંવેદનરસ—આત્મરસ વધવામાં નિમિત્ત થાય છે.—આ સ્વસંવેદન પૂર્ણ સ્વસંવેદનનું જ અંગ છે. અનંત સુખનું મૂળ છે. સાધક દશામાં, નિજ પરમપદમાં રહેલ આત્મવૈભવને જોનાર મતિ-શ્રુત છે. ૧૪૫.

***

વિપરીત શ્રદ્ધાનથી જીવને પરમાં સુખ ન હોવા છતાં, સુખની પ્રતીત છે. તેથી પર વિષયને સુખબુદ્ધિથી ભોગવતાં સુખનો (આભાસરૂપે) અનુભવ થાય છે. પરંતુ વાસ્તવિકતાએ ત્યાં સુખ નહિ હોવાથી કોઈને પણ તૃપ્તિ થતી નથી. આત્મિક

સુખની ગટાગટીથી (અનુભવથી) પ્રતીત થતાં આખું જીવન બદલાઈ જાય છે; તે જીવ પરમાં ક્યાંય સુખના કારણે ઠગાતો નથી. ૨૪૦.

***

જ્ઞાનમય ભાવ તે અવિકાર આત્મમય ભાવ છે. તેવા ભાવમાં રાગાદિ વિકાર કરવાનો સ્વભાવ નહિ હોવાથી, મોહ ભાવ-માં (અચારિત્રભાવમાં) નિસ્ત્સાહ અર્થાત્ ઉત્સુકતા હોતી નથી, થતી નથી; પરંતુ તે ભાવ, આત્માને સ્વભાવમાં સ્થાપે છે. આથી એમ જણાય છે કે સ્વરૂપનું અજ્ઞાન જ આત્માને રાગાદિ ભાવમાં પ્રેરે છે, ઉત્સાહિત કરે છે. જ્ઞાયકપણે રહેવામાં ભાવ પ્રતિબંધ નથી. વળી તે જ્ઞાનમયભાવ રાગદ્વેષના પ્રવાહને રોકનારો ભાવ છે, તેમજ દ્રવ્યકર્મના પ્રવાહને રોધનારો છે. ૪૫૦.

***

સર્વથા અસંગ અથવા ભિન્ન આત્મ સ્વરૂપથી અજાણપણાને—અજ્ઞાનને લીધે જીવ કર્મોદયમાં પ્રવર્તતાં 'પોતાપણું' અનુભવે છે, તેથી બંધાય છે. પરમાં 'પોતાપણા'ના અનુભવથી અશક્યને શક્ય બનાવવાની વૃથા પ્રવૃત્તિ, દુઃખદાયક પ્રવૃત્તિ થાય છે. આમ સંસારની સ્થિતિ છે.

મોક્ષમાર્ગમાં આવતાં 'જ્ઞાનમાં સ્વપણું' અનુભવાય છે, ત્યાં પૂર્વકર્મના ઉદયથી આવી પડેલી પરિસ્થિતિમાં પોતાપણું નહિ અનુભવાતું હોવાથી, અરસ પરિણામે વેઠ કરનારની જેમ, ઉદયવશ, પ્રવૃત્તિ (કરતો) દેખાય છે; ત્યાં જ્ઞાતાભાવ/સાક્ષીભાવ વર્તતો હોવાથી રંજિત પરિણામના અભાવને લીધે અકર્તા અર્થાત્ બંધન (તેને) નથી. પોતાના પ્રગટ અવ્યાપકપણાના અન, પોતે છૂટો જ રહે છે. તેથી બંધન કેમ થાય? સાથે સાથે જ મુક્તભાવના બળવાનપણાને લીધે, નિર્મલતા વૃદ્ધિગત થતી જાય છે, અને આત્મા વિજ્ઞાનઘન થતો જાય છે. અલ્પ અસ્થિરતા રોગવત્ જણાય છે, તેથી તેમાં પ્રીતિ કેમ થાય? ૪૬૦.

***

કર્મોદયમાં નવો બંધ કરવાની શક્તિ (નિમિત્તત્વ) છે, તેથી અજ્ઞાનદશામાં ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિ હોવાથી, પરિણામમાં કષ-ાયશક્તિ (રસ) વિદ્યમાન રહેતી હોવાથી, કર્મોદયની 'બંધ કરવાની શક્તિ' (ઝેરવત) તેવી ને તેવી ઊભી રહે છે. પરંતુ જ્ઞાનીને ભોગ પ્રતિ હેયબુદ્ધિ છે, તેથી ભોગના પરિણામમાં કષાયશક્તિનો (રસ) અભાવ થતાં, કર્મોદયની બંધ કરવાની શક્તિનો નાશ કરે છે. રાગમાં એકત્વનો અભાવ—એ રૂપ ભેદજ્ઞાનના મહા આશ્ચર્યકારી સામર્થ્ય વડે કર્મોદયની બંધ કરવાની શક્તિને હણી નાખે છે. (જેમ વૈદ્ય ઝેરની શક્તિને વિદ્યાના બળથી રોકે છે તેમ) આત્માના આનંદ અમૃતનો તીવ્ર રસ, કષાયરસના ઝેરને હણી નાખે છે. તેથી ઉદયકાળે કષાયરસ સહજ ઉત્પન્ન થઈ શકતો નથી. ૪૬૩.

***

અનાદિથી શુદ્ધજ્ઞાનમય નિજ સ્વરૂપથી અજાણ એવો આ જીવ, પ્રકૃતિ સ્વભાવરૂપે પોતાને અનુભવે છે; અર્થાત્ પ્રકૃતિ સ્વભાવમાં સ્થિત રહી 'હું'પણે અનુભવે છે અને એ રીતે ઉદિત કર્મફળને સ્વતંત્રપણે અધ્યાસીત ભાવે ભોગવે છે.

જ્યારે આ જીવને પોતાનું શુદ્ધ જ્ઞાનમય સ્વરૂપ, ભેદવિજ્ઞાન વડે અનુભવાય છે, ત્યારે પ્રકૃતિ સ્વભાવથી નિવર્તેલો હોવાથી, શુદ્ધ-જ્ઞાનમય 'સ્વ'ને એકને જ 'હું'પણે અનુભવતો થકો, ઉદિત કર્મફળને ભિન્ન જ્ઞેયપણે જાણે છે. પરંતુ તેનું 'હું'પણે અનુભવાવું અશક્ય હોવાથી વેદતો નથી. આમ, પરિણમનના બન્ને પ્રકાર જાણીને વિવેકી પુરુષોએ વિપરીત પ્રકાર છોડી, સમ્યક્ પ્રકાર સેવવા યોગ્ય છે. (સ.સાર. ગાથા-૩૧૬). ૪૭૨.

***

દેહાત્મબુદ્ધિને લીધે મનુષ્ય જીવનમાં દરેક સ્તરે માનવી ભવિષ્યના સંયોગો/અનુકૂળતાઓ માટે ચિંતિત—નિરંતર ચિંતિત રહે છે અને તેમ થવું અનિવાર્ય છે. કારણ અજ્ઞાનને લીધે જીવ અનિત્ય પર્યાયોમાં નિત્યપણું રાખવા ચાહે છે. તેથી વર્તમાન અનુકૂળ સંયોગો હોવા છતાં પણ નિરંતર દુઃખ/ માનસિક અશાતાને જ વેદે છે.

પરંતુ જ્ઞાની તો વર્તમાનમાં જ ઉદિત સંયોગોથી ભિન્ન પડી ગયા હોવાથી, અને ભવઉદાસી દશા હોવાથી, ભવિષ્યની

એક ક્ષણની પણ (વિચાર) ચિંતા તેમને થતી નથી. તેમજ સંયોગો પ્રતિ નિસ્પૃહવૃત્તિના કારણે તેમને દીનતા થતી નથી. ચૈતન્યના અનંત મહિમામાં ડૂબેલા હોવાથી, સહજપણે ઉપરોક્ત અંતર બાહ્ય નિરુપાધિ દશા રહે છે. ૪૮૬.

***

વર્તમાન પરિણામ ઉપરની દૃષ્ટિને લીધે વસ્તુ પરિણામ જેટલી જ ભાસે છે. તેથી પુરુષાર્થ કરું—જ્ઞાન કરું—આદિ પર્યાયના કર્તૃત્વનો અભિપ્રાય રહે છે, જે મિથ્યાત્વભાવ છે. પોતે વસ્તુ જ્ઞાન, વીર્ય આદિ અનંત સામર્થ્યની ખાણ છે; જેની સન્મુખ થતાં પોતામાં/સ્વરૂપમાં કાંઈ કર્તવ્ય નથી, તેમ ભાસે છે. અને કર્તૃત્વ થતું નથી. રાગાદિ થાય તે પ રપણે ભાસે છે, નિષેધ વર્તે છે, પરિણામમાં સહજતા રહે છે. ૫૩૬.

***

આત્મામાં સમયે સમયે ઉત્પાદ-વ્યય સ્વતંત્રપણે થઈ રહ્યા છે, તે પ્રગટ પર્યાય સ્વયંના મૂળ સ્વરૂપને ભૂલી પરમાં 'અહં' ભાવ કરે છે, તે અસમ્યક્ છે; જો પોતાના ત્રિકાળી અસલ સ્વરૂપમાં 'અહં' ભાવે પરિણમે તો સમ્યક્ત્વ પ્રગટ થાય. અહીં પર્યાય, ભાવે 'સ્વાકાર', ત્રિકાળી સ્વરૂપાકાર ભાવરૂપ થવા છતાં પર્યાયત્વનો ત્યાગ થતો નથી. તેથી તે તે અપેક્ષાએ નિરાલંબ પણ છે. ત્રિકાળી સ્વભાવમાં 'અહં' ભાવની અપેક્ષાએ સ્વભાવાવલંબી પણ કહેવાય છે. ૫૪૬.

***

જ્ઞાની જ્ઞાનવેદનમાં, સ્વયંને વેદવામાં નિપુણ છે. તેથી રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિરૂપ ઉદયને જ્ઞાન વેદનથી ભિન્ન/બાહ્ય જાણીને તે રૂપે જરાય પરિણમતા નથી. તે જ જ્ઞાનના જ્ઞાનત્વનું પરિણમવું છે. જ્ઞાનના વેદનના અનુભવથી, વિરુદ્ધ એવા સમસ્ત રાગાદિ વિભાવને અનુભવમાં સર્વથા ભિન્ન વેદે છે. કારણ કે સ્વયંના એકત્વમાં, અન્યનું એકત્વ થવું અશક્ય જ છે. વળી, પુદ્ગલ પદાર્થોની કેટલીક અવસ્થા (રૂપ-રંગ) માત્ર જાણવાનો વિષય થાય છે, ત્યાં તેનાં અનુભવનો ભ્રમ થતો નથી, પરંતુ કેટલીક અવસ્થા, જેમ કે (સુખ-દુઃખ) શાતા-અશાતા, કટવું-મીઠું વગેરે સ્વાદનો પ્રકાર ધારણ કરે છે, ત્યાં ભેદજ્ઞાનના અભાવને લીધે, જીવને અભેદતા વેદનપૂર્વક સધાઈ જાય છે, તે જ્ઞાનના અજ્ઞાનત્વનું પરિણમન છે. ત્યાં જીવ જ્ઞાન ઉપર જ્ઞેયની અસર થયાનો અનુભવ કરે છે, તે અનુભવની ભૂલ છે. જાણપણાની ભૂલ સમજણથી મટે છે, પરંતુ અનુભવની ભૂલ ટાળવા ઘણો પુરુષાર્થ જોઈએ. અંતર અવલોકનનો સૂક્ષ્મ અભ્યાસ જોઈએ.

પ્રથમ, અંતર અવલોકનથી પર વિષયને ભોગવવાનો રસ તૂટે, પછી એકત્વપણે અનુભવની ભૂલ જણાય અને જણાયા પછી ટળે. સમયસાર ગાથા ૯૨-૯૩માં આ વિષય છે. ૭૪૮.

***

સ્વરૂપના વિકલ્પ દ્વારા સ્વરૂપમાં અહંભાવ થાય, ત્યાં સુધી આત્મામય પરિણમન નથી, પરંતુ વેદનપૂર્વક સ્વરૂપલક્ષ સહિત પરિણમન તે આત્મામય પરિણમન છે. જ્યાં સુધી વિકલ્પ છે, ત્યાં સુધી બાહ્યવૃત્તિ છે, વેદનમાં સ્વપણે પોતાનો અનુભવ તે અંતર્વૃત્તિ છે. વેદનથી જ અસ્તિત્વ ગ્રહણ છે. જ્ઞાનવેદન સિવાય, માત્ર સ્વરૂપના વિકલ્પમાં અસ્તિત્વ ગ્રહણ નથી. તેથી મોક્ષમાર્ગીને સવિકલ્પ દશામાં, પરિણતિમાં વેદન છે. જેટલું વેદન છે, તેટલો જ ધર્મ છે, અને તે જ મુખ્ય છે. વિકલ્પની મુખ્યતા નથી. ૭૪૯.

***

જીવને પોતાને તો સ્વભાવથી જ્ઞાતાપણું છે. સ્વયંનું જ્ઞાતાપણું અનાદિથી ભૂલેલો જીવ પોતાના પુરુષાર્થને, ઉદયમાં રાગી થઈ, અન્ય કાર્યને કરવામાં યોજે છે, ત્યાં કર્તત્વને/એકત્વભાવને પામે છે અને બંધાય છે. આમ જ્ઞાનમાત્ર એવા સ્વરૂપનું અજ્ઞાન જ જીવને રાગ કરવા પ્રેરે છે, રાગમાં ઉત્સાહિત કરે છે. એટલે કે પોતાના મહાનપદના બેભાનપણાને લીધે, જીવ પોતાને વર્તમાન ઉદયજનિત અવસ્થારૂપે માનીને, અનેક કલ્પિત કાર્યો માટે સ્વામિત્વભાવે ઉત્સાહિત થઈ પ્રવર્તે છે.

પરંતુ જ્ઞાની જ્ઞાતાપણાને લીધે, ઉદય પ્રત્યે તેમને રાગ નહિ હોવાથી નિરુદ્યમ થઈ, જ્ઞાતાપણાના પુરુષાર્થમાં વર્તે છે. ૭૫૩.

# પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા મંગલ વાણી-સીડી-૪ (B)



.. સત્‌ના સંસ્કાર અંદર ઊંડા હોય, ઊંડા હોય તો કામ આવે છે. ઊંડા ન હોય તો એનાથી .. થાય છે. સત્‌ના સંસ્કાર જે વર્તમાન પોતે નાખ્યા હોય છે એ પોષે, ... બીજે ભવે જાય છે અને સ્ફૂરે છે અંદરથી. આ જ જોઈએ છે (બીજું) કાંઈ જોઈતું નથી. ચૈતન્ય પદાર્થ કોઈ આશ્ચર્યકારી છે, મહિમાવંત છે એની જેને રુચિ ઊંડાણથી લાગે, ઊંડાણથી લાગે તો એ અંદરથી પ્રગટ થયા વગર રહેતો નથી. એ કાંઈ બહારથી નથી આવતું. અંતરમાં પોતાને અંદરમાં ઊંડાણ હોય તો પ્રગટ થાય છે. બહારથી સંસ્કાર નથી નાખવાના. અંદર સંસ્કાર પડે છે. દરેક દ્રવ્યનું સ્વતંત્ર પરિણમન છે એટલે કાંઈ એની મેળાએ બધું થઈ જાય છે એવું નથી. એને કોઈ કરી નથી દેતું પણ પોતે પુરુષાર્થ કરે તો થાય એમ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્ત છે પણ ઉપાદાન પોતાનું છે. પોતે કરે તો થાય એમ છે. ઊંડા હોય તો કામ આવે. બાકી ઉપર ઉપરથી હોય તો એ કામ ન આવે.

પ્રશ્ન :— ઊંડા સંસ્કાર હોય છતાં સાથે પ્રયત્ન તો ચાલુ હોવો જ જોઈએ. એકલા સંસ્કાર ઉપર બેસી ન રહેવાય

ઉત્તર :— પ્રયત્ન તો ચાલુ જેને અંદરમાં રુચિ હોય એનો પ્રયત્ન ચાલુ જ હોય. એનો પ્રયત્ન છૂટી ન જાય. જેને અંદરની રુચિ હોય એનો એ પ્રયત્ન કાંઈ છૂટી ન જાય અંદરથી. દરકે પરિણમન સ્વતંત્ર (છે) એટલે જેમ થવાનું હશે એમ થાશે એવો કાંઈ અર્થ નથી. એને પુરુષાર્થ સાથે સંબંધ હોય છે. જેમ થવાનું હોય એમ થાય. પુરુષાર્થ પોતે કરે તો એ પ્રમાણે એની પરિણમનની ગતિ થાય છે. પુરુષાર્થ એમાં કારણ બને છે. એની મેળે થાય એની સાથે પુરુષાર્થ સંબંધવાળો છે. પુરુષાર્થ ન હોય તો થાતું નથી.

જે મોક્ષ તરફ પરિણમન થાય છે તે પુરુષાર્થથી થાય છે. અને જે થવાનું હોય એ થાય એનો અર્થ એમ નથી કે પુરુષાર્થ વગર થાય છે. એવો અર્થ નથી એનો કે પુરુષાર્થ ન કરે અને થઈ જાય. એને પુરુષાર્થ સાથે સંબંધ હોય છે. મોક્ષ તરફ જે પરિણમન થાય એ પોતાના પુરુષાર્થના કારણે થાય છે.

કોઈ એમ કહે કે જેમ થવાનું હશે એમ થાશે. એમ નથી. પુરુષાર્થ કરે, પુરુષાર્થ સાથે સંબંધ હોય છે. ક્રમબદ્ધ અને પુરુષાર્થને સંબંધ હોય છે. જે પુરુષાર્થ કરે એનું ક્રમબદ્ધ મોક્ષ તરફનો હોય છે. પુરુષાર્થ તરફ જેની દૃષ્ટિ નથી, પુરુષાર્થ કરવાનો જેને ભાવ જ નથી તો એનું ક્રમબદ્ધ મોક્ષ તરફ હોતું જ નથી. ક્રમબદ્ધને અને પુરુષાર્થને સંબંધ હોય છે. જેમ થવાનું હશે તેમ થાશે. આપણે પુરુષાર્થનું શું કામ છે? એમ રાખે તો એમ કાંઈ થાય નહિ. પુરુષાર્થ સાથે સંબંધ હોય છે.

ભગવાને જેની મુક્તિ જોઈ છે એ પુરુષાર્થથી એની મુક્તિ જોઈ છે. જેને પુરુષાર્થ કરવો નથી અને સ્વચ્છંદપણે વર્તે તો એની મુક્તિનું પરિણમન કાંઈ ભગવાનના જ્ઞાનમાં આવતું નથી. પુરુષાર્થી હોય એનું જ પરિણમન મોક્ષ તરફનું હોય છે. એને અંદર રુચિ થાય. મારા આત્માનું કેમ કલ્યાણ થાય? આત્મા મહિમાવંત છે. આ બધો મારો સ્વભાવ નથી. મારો સ્વભાવ જુદો છે. એવો ભેદજ્ઞાન કરવાનો પ્રયત્ન કરે. અંતરથી વારંવાર એનું રટણ કરે, યાદ કરે, ચિંતવન કરે એમ કરે તો થાય. કર્યા વગર એની મેળે થાતું નથી. એમ વાટ

જોયા કરે કે થવાનું હશે એમ થાશે અને એમ આવી જાશે. એમ ન થયા. પોતાને અંદર ખટક થાવી જોઈએ. પોતે પુરુ-ષાર્થ કરે તો થાય.

પ્રશ્ન :— પુરુષાર્થ કરે તો જ પ્રાપ્ત થાય ને માતાજી?

ઉત્તર :— પુરુષાર્થ કરે તો જ પ્રાપ્ત થાય. વગર પુરુષાર્થે પ્રાપ્ત થાય નહિ. જેને અંતર્મુહૂર્તમાં થાય છે તે પુરુષાર્થથી જ થાય છે. એને પુરુષાર્થ પોતા તરફ એકદમ ઉતાવળથી, ઝડપથી થાય છે. એનું ચૈતન્ય એકદમ ઉપડે છે ચૈતન્ય તરફનો પુરુષાર્થ.

પ્રશ્ન :— આ પુરુષાર્થ સનાતન ધર્મ વિષે કરવો હોય તો કઈ રીતે. સનાતન ધર્મ શું છે એ મને સમજાવોને.

ઉત્તર :— સનાતન ધર્મ? સનાતન ધર્મ એટલે જે અનાદિનો ધર્મ છે. જે આત્માનો ધર્મ છે તે સનાતન ધર્મ છે. જે આત્માનો ધર્મ તે સનાતન. સનાતન એટલે જૂનો. જૂનો એટલે જે અનાદિથી ચાલ્યો આવે છે તે. આત્માનો સ્વભાવ તે ધર્મ છે. આત્મા જે જ્ઞાનસ્વભાવ છે તે રૂપે જ્ઞાનસ્વભાવને પ્રગટ કરવો એ જ્ઞાયકને જ્ઞાયકરૂપે પ્રગટ કરવો, વીતરાગસ્વરૂપ છે એને વીતરાગરૂપે પ્રગટ કરવો તે સનાતનધર્મ છે.

પ્રશ્ન :— જૂનાને...

ઉત્તર :— હા. જૂનો જે આત્માનો સ્વભાવ અનાદિથી શાશ્વત છે એને પ્રગટ કરવો તે સનાતન છે.

પ્રશ્ન :— ધર્મનું સ્વરૂપ કઈ રીતે છે?

ઉત્તર :— ધર્મનું સ્વરૂપ—ધર્મ એટલે એ ધર્મ આત્મા-માં છે. જે જેનો સ્વભાવ તે ધર્મ. બહારથી જે ધર્મ કહેવામાં આવે છે તે શુભભાવ છે, પુણ્યબંધનું કારણ છે. ભગવાનની ભક્તિ કરે, ભગવાનની પૂજા કરે, શાસ્ત્ર સ્વાધ્યાય કરે, શાસ્ત્ર વાંચે, તત્ત્વના વિચારો કરે એ બધો ધર્મ કહેવાય છે એ ધર્મ પુણ્યબંધ કહેવાય. એનાથી પુણ્ય થાય. શુભભાવો થાય. એનાથી દેવલોક થાય. ભવનો અભાવ થાય નહિ. ભવનો અભાવ અંદર આત્માનો જે સ્વભાવ છે, જે જાણનારો અનાદિનો આત્માનો સ્વભાવ છે એને પ્રગટ કરે તો એ ધર્મ થાય. આત્મામાં ધર્મ થાય. પણ એ ન થાય ત્યાં સુધી વિચાર કરે, વાંચન કરે એવા બધા શુભભાવો થાય છે. એ શુભભાવને વ્યવહારથી ધર્મ કહેવામાં આવે છે.

પ્રશ્ન :— સાચું સુખ શેમાં હોય?

ઉત્તર :— સાચું સુખ પણ આત્મામાં છે. આત્મામાં જ છે. બહારમાં સુખ નથી. બહારમાં જે માન્યું છે સુખ તે બહારમાં સુખ નથી. બહારમાં માને ધન મળે, શરીર સારું હોય, બધી સગવડતા મળે, બધી માન-મોટાઈ મળે અને એવું બધું થાય તો એ કાંઈ સુખ નથી. એ તો કલ્પિત સુખ છે. મકાનો મળે અને એમાં સુખ માને તો એ સુખ નથી. એ તો માત્ર કલ્પના છે. બહારમાં સુખ નથી. સુખ અંદર આત્મામાં છે. બહારમાં ક્યાંય વિકલ્પોમાં, રાગમાં ક્યાંય સુખ નથી. અંદર આત્મામાં જે વીતરાગી ભાવ છે એમાં સુખ છે, એમાં આનંદ છે, બધું આત્મામાં છે. બહારમાં ક્યાંય સુખ નથી. માત્ર ભ્રાંતિથી માન્યું છે કે મને બહારથી સુખ મળે છે. સુખ ક્યાંય બહાર નથી. કલ્પના છે એ બધી. એવું સુખ કાંઈ શાશ્વત રહેતું નથી. માત્ર કલ્પિત સુખ છે. તે આત્માનું સુખ નથી. માત્ર એ બધા બહાર સંયોગમાં સુખ માન્યું છે. એ સુખ નથી.

સુખ આત્મામાં છે. જે એનો સ્વભાવ છે, આત્મ-ાનો સહજ સ્વભાવ છે—જાણવાનો, દેખવાનો, ભિન્નતાનો, ચારિત્ર અંદર સુખ છે આત્મામાં, આનંદ છે આત્મામાં એ આનંદ આત્માનો કોઈ અપૂર્વ છે. જેને ઉપમા આપી શકાય નહિ. એવું આત્મામાં આનંદ અને સુખ ભર્યું છે કે જે સુખને કોઈની ઉપમા કોઈ દેવલોકની કે કોઈ ચક્રવર્તીના રાજની પણ જેને ઉપમા આપી શકાતી નથી. એવું સુખ આત્મામાં ભર્યું છે અને તે અનુપમ છે. એ સુખ કેમ પ્રગટ થાય? કે આત્માને ઓળખે. આ શરીર તે હું નથી, આ રાગ તે હું નથી, હું એનાથી જુદો છું એવા આત્માને ઓળખે, એનું ભેદજ્ઞાન થાય, એમાં લીનતા કરે તો તે સુખ પ્રગટ થાય. વિકલ્પ છૂટીને આત્મામાં લીન થાય તો તે સુખ આત્મામાંથી કોઈ અપૂર્વ આનંદ પ્રગટ થાય કે જે આનંદ ક્યાંય ચક્રવર્તીના રાજમાં ક્યાંય નથી. એ સુખ આત્મામાં છે.

પ્રશ્ન :— મહાવીર સ્વામીને જ્યારે સાપ ડંખ દે છે ત્યારે ખૂન નીકળવાના, લોહી બંધ કરવાના બદલે દૂધ નીકળ્યું હતું આવો એમણે વિશ્વને પ્રેમ કર્યો. એવો પ્રેમ કરવો હોય તો કયો પુરુષાર્થ કરવો પડે? મહાવીરસ્વામી .. બનાવતા હોય ને. ડંખ મારે સાપ એને. અને દૂધ નીકળે છે એટલે આખા વિશ્વને પ્રેમ કર્યો. સાપને પણ દૂધ મળે છે એના આગળથી.

એટલે આવો પ્રેમ કરવો હોય તો ક્યો પુરુષાર્થ કરવો પડે?

ઉત્તર :— ભગવાનની વાણી છૂટીને એ વાણીથી બધાને ઉપદેશ મળ્યો. ભગવાન વીતરાગી .. એટલે ભગવાનની વાણી એવી છૂટી, ભગવાનને ઇચ્છા નહોતી પણ એવી વાણી છૂટી કે તમે આ ધર્મ કરો. હું જુદો છું. ભગવાનને ગમે તેવા ઉપસર્ગો આવ્યા તો સહન કર્યા બહારથી. એમણે રાગ-દ્વેષ કર્યા નહોતા. વીતરાગ હતા. એમને બહારથી ગમે તેવા ઉપસર્ગ આવ્યા. સર્પ ડસ્યો કે ન ડસ્યો પણ ભગવાનને કોઈ સર્પ ડસે એવું બને નહિ પણ બહારથી એમને ઉપસર્ગો આવ્યા. એ ઉપસર્ગ સહન કરવા પડ્યા, પરિષહો આવ્યા. એમને સહન કર્યા પણ એ આત્મામાં એકદમ લીન હતા. કોઈ ઉપર રાગ-દ્વેષ કર્યો નહિ એણે. વીતરાગ હતા. કોઈ ઉપર રાગ કર્યો નહિ, કોઈ ઉપર દ્વેષ કર્યો નહિ કે આ મારા શત્રુ છે એમ પણ માન્યું નહિ કે આ મારા મિત્ર છે એમ પણ ભગવાને માન્યું નહિ. ભગવાન તો આત્મામાં લીન થઈ ગયા અને વીતરાગતા પ્રગટ થઈ. ભગવાનની જેમ રાગ-દ્વેષ ટાળે તો અંતરમાંથી એવી સમતા પ્રગટ થાય.

જગતનો પ્રેમ મેળવવો એ પોતાના હાથની વાત નથી. અંદરથી સમતા પ્રગટ કરવી એ પોતાના હાથની વાત છે. ગમે તેવા ઉપસર્ગો પરિષહો આવે તોપણ અંદર શાંતિ અને સમતા રાખે, વીતરાગતા પ્રગટ કરે એ પોતાના હાથમાં છે. કોઈ ઉપર વિશ્વ સાથે પ્રેમ કરવો એ કરી શકાતો નથી. કોઈના મન કેવા હોય, કોઈના કેવા હોય. પોતે અંદર વીતરાગતા પ્રગટ કરે તો થઈ શકે. રાગ-દ્વેષ ન કરે.

હું જાણનાર છું, જ્ઞાન છું. મારામાં કાંઈ નથી. હું તો આ શરીરથી જુદો. આ શરીર પણ મારું નથી. ગમે તેવા ઉપસર્ગો આવે તોપણ આ શરીર મારું નથી. હું તો આત્મા છું. એવા ભાવ કરે તો અંદરથી આત્મામાંથી એવી સમતા પ્રગટ થાય. રાગ-દ્વેષ પોતે ટાળે તો બધું બહારથી ફરી જાય. રાગ-દ્વેષ ટાળે તો. બહારનું ફેરવવું પોતાના હાથની વાત નથી, પોતે રાગ-દ્વેષ ટાળે.

એમાં આવે છે સર્પ ડસ્યો હતો, દૂધ નીકળ્યું. ઘણા ઉપસર્ગો ભગવાનને આવે છે. ભગવાન તો સર્પ ઉપર ઊભા રહીને સર્પ સાથે ખેલ કર્યા છે ભગવાને. તો સર્પ એમને કાંઈ કરી શક્યો નથી. પણ પોતે અંદર વીતરાગ હતા. એમને કોઈ રાગ-દ્વેષ નથી. આત્માના ધ્યાનમાં. એવું આત્માનું ધ્યાન કરે આત્માને ઓળખીને, તો એમના જેવી વીતરાગતા પ્રગટ થાય.

## નવીન પ્રકાશન

**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની આગામી જન્મજયંતિ પ્રસંગે શ્રી 'ચિદ્‌વિલાસ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનોનું પુસ્તક પ્રકાશિત કરવામાં આવશે. તથા આત્માવલોકન પ્રવચન-ભાગ-૫ પ્રકાશિત થઈ ચૂક્યું છે. જેમને સ્વાધ્યાય અર્થે મંગાવવા હોય તેમણે શ્રી અતીનભાઈ જૈનનો સંપર્ક કરવા વિનંતી.**

**અતીનભાઈ જૈન—મો. ૭૦૪૩૩૭૦૫૦૬**

## પુસ્તક મંગાવવા સંબંધી સૂચના

**જે કોઈ મુમુક્ષુ ભાઈ બહેનોને જે કોઈ પુસ્તક મંગાવવા હોય તેમણે નિમ્નલિખિત નંબર ઉપર ફોન તથા વોટ્‌સ એપ કરવા વિનંતી. અતીનભાઈ જૈન, મો. ૭૦૪૩૩૭૦૫૦૬**

## સ્વાનુભૂતિપ્રકાશ પત્રિકા સંબંધિત

**સત્‌શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ભાવનગરથી પ્રકાશિત થતી સ્વાનુભૂતિપ્રકાશ પત્રિકાના એડ્રેસ સંબંધિત કોઈપણ પ્રકારના ફેરફાર, નામ ઉમેરો અથવા કેન્સલ કરવા માટે નીચેના નંબર ઉપર ગ્રાહક નંબર લખી વોટ્‌સ એપ કરવા વિનંતી. પ્રશાંતભાઈ જૈન, મો. ૯૩૭૭૧૦૪૮૬૮**

## ‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’માંથી શ્રી નિહાલચંદ્ર સોગાનીજી દ્વારા સાધર્મીઓને લખાયેલ આધ્યાત્મિક પત્ર



(૪૯)

કલકત્તા, ૨૭-૧૨-૬૩

**શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ**

આત્માર્થી.... શુદ્ધાત્મસત્કાર.

આપનો પત્ર સમયસર મળ્યો હતો. કેટલાયે પ્રકારના પ્રશ્નો લખ્યા, જેના સંબંધમાં યોગ્યતાનુસાર સંક્ષિપ્ત ખુલાસો લખું છું :

**(૧) સ્વદ્રવ્યથી, પરથી અથવા ક્ષણિક યોગ્યતાથી જ્ઞાન :**

સર્વ સમાધાનોના ભંડારરૂપ ત્રિકાલી ચૈતન્ય દ્રવ્ય વર્તમાનમાં જ હું છું, તેમાં દૃષ્ટિ અભેદ થતાં જ પ્રશ્નરૂપ વિકલ્પની, વિકલ્પાંશથી જુદી, સ્વઆશ્રિત સહજ જાનનક્રિયા થાય છે, તે ક્રિયા સ્વયં જ સમાધાન રૂપ છે, જેમાં પ્રશ્ન લંબાવવાનો અભિપ્રાય હોતો નથી.

યથાર્થ ઉક્ત દૃષ્ટિ પછી યોગ્યતાનો વાસ્તવિક ભાવ સમજમાં આવે છે. યોગ્યતા સ્વયં સત્ અહેતુક છે, જેને નિશ્ચયે ન સ્વદ્રવ્ય કારણ છે, ન પરદ્રવ્ય. આ અપરિણામી દ્રવ્યદૃષ્ટિ સમય-સમયની યોગ્યતામાં ફેરફારની બુદ્ધિ રાખતી નથી, અને યોગ્યતા પણ દૃષ્ટિના અભેદ વિષય પ્રત્યે સમયે સમયે વૃદ્ધિગત ઉન્મુખ થતાં થતાં પૂર્ણ સમાધાનરૂપ અભેદ બની જશે. એવી નિઃશંક પ્રતીતિ આ દૃષ્ટિમાં ગર્ભિત છે.

મુનિરાજ આચાર્ય ભગવાનની પાસે સમાધાન હેતુ જાય છે. એ સમયે પણ પ્રશ્નવિકલ્પથી ભિન્ન થયેલી જાનનક્રિયા તેને વર્તતી હોય છે. પરંતુ કચાશ રૂપ અશક્તિના કારણે પ્રશ્નવિકલ્પ ક્ષણિક લંબાવવાની ક્રિયા થાય છે. સમાધાન બહારથી થશે જ અથવા થવું જ જોઈએ એવો અભિપ્રાય મુનિશ્રીને પ્રશ્નવિકલ્પ સમયે વર્તતો નથી.

**(૨) શ્રદ્ધા અને જ્ઞાન :**

શ્રદ્ધા અને જ્ઞાન ભિન્ન-ભિન્ન ગુણની સ્વતંત્ર, એક જ કાળે અહેતુક પર્યાયો છે. મૃતક વેશ્યાનું ચિત્ર દૃષ્ટાંતરૂપે પુસ્તકોમાં છે. ભિન્ન-ભિન્ન શ્રદ્ધાવાળા ચાર જીવોને જ્ઞાનમાં, નિમિત્તરૂપ તો એક જ વિષય છે, પરંતુ શ્રદ્ધા અલગ-અલગ પ્રકારની હોવાથી ભિન્ન પરિણતિ છે. નિશ્ચયથી એક જ જીવને એક જ કાળે શ્રદ્ધા તેમ જ જ્ઞાનની સ્વતંત્ર અહેતુક પરિણતિ હોય છે જે એકબીજાને અકારણીય છે. કાર્ય થયા પછી જ્ઞાન શ્રદ્ધાનું કારણ થયું અથવા શ્રદ્ધા જ્ઞાનનું કારણ બન્યું એવો સંબંધ બતાવવામાં આવે છે. અગિયાર અંગધારી મિથ્યાદૃષ્ટિ ધારણા-જ્ઞાનમાં તત્ત્વને પરોક્ષરૂપે યથાર્થ જાણે છે પરંતુ શ્રદ્ધાની પર્યાયમાં-રુચિમાં તેને અભેદ પકડીને પ્રત્યક્ષ કરતો નથી, તેથી દૃષ્ટિ મિથ્યા બની રહે છે.

**(૩) પુરુષાર્થ :**

સ્વરૂપની તૃષાતૃષા સ્વયં પર્યાયસ્વભાવ છે. વીર્યગુણની પર્યાયમાં સદાય પુરુષાર્થ થતો રહે છે. નિત્ય, સહજ, નિષ્ક્રિય, ત્રિકાલી દ્રવ્યમાં દૃષ્ટિ અભેદ થતાં જે પુરુષાર્થ થતો રહે છે તે સ્વઆશ્રિત, સહજ જ્ઞાનાનંદી પુરુષાર્થરૂપ પર્યાય-સ્વભાવ છે. વિકલ્પાત્મક પુરુષાર્થ અસહજ કૃત્રિમ પુરુષાર્થ છે. સહજ દ્રવ્યસ્વભાવની અરુચિ હોવાથી પર્યાયમાં સહજ પુરુષાર્થ પ્રગટતો નથી, તેથી મિથ્યાદૃષ્ટિ નિયતવાદી એકાંત કૃત્રિમ પુરુષાર્થ પ્રગટ કરતો રહે છે. આ જ કારણે ‘થવાનું હશે તેમ થશે’ એ આશયનું કહેવાનો તે યથાર્થ અધિકારી નથી. તેના અભિપ્રાયમાં ફેરફારની બુદ્ધિ તો પડેલી રહે છે. તેની સ્વતંત્ર યોગ્યતા નિરંતર પરાવ-લંબી વર્ત્યા કરે છે, અને તેમાં તેનો ઉત્સાહ વધતો રહે છે. આ વાત, સ્વદ્રવ્યઅવલંબન કરનારો જ્ઞાની યથાર્થપણે જાણે છે.

**(૪) સંસારી જીવ સ્વરુચિ :**

રસ અનુસાર પોતાની રસપૂર્તિ માટે અમુક પરને ઇષ્ટ જાણે છે, તેથી ઇષ્ટપ્રાપ્તિમાં બાધક કારણોથી દ્વેષ કરે છે. તેનું કારણમાત્ર પરાવલંબી રુચિ જ છે, બીજું કંઈ નહિ.

આપણે બધા સ્વના સંગરૂપ વર્તન કરીએ એ જ ભાવના છે.

નિહાલચંદ્ર

***

(૫૦)

**કલકત્તા, ૨-૧-૬૪**

**શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ**

આત્માર્થી.... શુદ્ધાત્મસત્કાર.

તમારો તા. ૧૮-૧૨-૬૩નો પત્ર સમયસર મળ્યો હતો. હું અહીં ૧૭-૧૨ના દિવસે પાછો આવી પહોંચ્યો હતો. માર્ગમાં અધિક રોકાઈ જવાથી દિલ્હીમાં રોકાઈ શક્યો નહોતો.

નિત્ય શુદ્ધાત્મસ્વભાવમાં દૃષ્ટિ અભેદ કરી – તાદાત્મ્ય કરી – નિર્વિકલ્પ કરી સહજ અહંપણાથી સ્વમૂર્તિની સ્થાપના કરો. દેહ, મન, વાણી, રાગ તેમ જ ક્ષાયિક ક્ષણિક ભાવથી પણ પાર સૂક્ષ્મ, અતિ સૂક્ષ્મ સામાન્ય-દ્રવ્યમયી ગાંઠડીરૂપ બનીને સ્થિર રહો. આ નિત્ય બળની અધિકતાથી ક્ષણિક પરિણામમાં ખસો નહીં. જ્ઞાન રાગથી સહજ પૃથક્ થઈને, ક્ષણે ક્ષણે વૃદ્ધિગત થતાં થતાં પૂર્ણ પ્રગટ થઈ જશે – એવા પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના આશયને યથાર્થ પરિણમિત કરી દેવો એ આપણા બધા મુમુક્ષુઓનું સદા સુખાનુભવી કર્તવ્ય છે.

મહા આનંદનો નિત્ય ભોગવટો રહે એ જ ભાવના છે.

મોક્ષેચ્છુક નિહાલભાઈ

***

(૫૧)

**કલકત્તા, ૨૦-૨-૬૪**

**શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ**

આત્માર્થી.... શુદ્ધાત્મસત્કાર.

પત્ર મળ્યો. પરમકૃપાળુ 'ગુરુદેવશ્રી'ના મુખારવિંદથી મારા સંબંધમાં નીકળેલા સહજ ઉદ્‌ગારો આપને અમુક-અમુક સ્થળોના ભાઈઓથી જાણવા મળ્યા તે તમે બધાયે સ્વાભાવિક પ્રસન્નતા અને ઉત્સાહપૂર્વક મને લખ્યા તે જાણ્યા.

'મુક્તિનાથ'ની આ દાસ પ્રત્યે સહજ કૃપાદૃષ્ટિ એ વાતની દ્યોતક છે કે, અતિ ઉમંગ-ભરી મુક્તિસુંદરી અપ્રતિહત ભાવે, મારા જેવા કૃતકૃત્યની સાથે મહા આનંદમયી, અસ્ખલિત, પરમ ગાઢ આલિંગનયુક્ત રહીને શીઘ્રાતિશીઘ્ર કૃતકૃત્ય થવા ઇચ્છે છે.

'પરમ પિતાશ્રી'એ આપણા બધા પુત્ર મંડળને અતૂટ લક્ષ્મીભંડાર (દૃષ્ટિરૂપી ચાવી દ્વારા ખોલીને) ભોગવવા માટે પ્રદાન કર્યો છે. એને નિત્ય ભોગવો, નિત્ય ભોગવોએ જ ભાવના છે.

તીર્થંકર-યોગ સૂચિત કરે છે કે, સર્વ સજ્જન પુત્રગણ આ ભોગને નિઃસંદેહ ભોગવતો નિત્ય અમર રહેશે.

'સ્થાનો ન ક્ષાયિક ભાવના, ક્ષાયોપશમિક તણાં નહીં,
સ્થાનો ન ઉપશમ ભાવના, ઉદય ભાવ તણાં નહીં.'

'ગુણ અનંત રસ બધા, અનુભવ રસની માંહે,
તેથી અનુભવ સરીખડો, બીજો કોઈ નાહિં.'

જુદા-જુદા પત્રોની પહોંચ લખવી સંભવિત નથી. તેથી આપ એ ભાઈઓને સહેજે મળતાં મારા યથાયોગ્ય સ્નેહ કહી દેશો... બધા ભાઈઓના નિત્ય આનંદનો નિરિચ્છુકપણે ઇચ્છુક.

માત્ર મોક્ષઅભિલાષી
નિહાલચન્દ્ર સોગાની

***

**મોક્ષમાર્ગ રહસ્ય પ્રકાશક નિષ્કારણ કરુણામૂર્તિ**
**મુમુક્ષુજીવોના પરમ હિતસ્વી જિનવાણી મર્મજ્ઞ**
**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના**
**૮૭મા જન્મ જયંતિ મહોત્સવ પ્રસંગે**
**કોટિ કોટિ વંદન!!**




નિશ્ચયરત્નત્રય પ્રાપ્ત, પરમાગમ-સુધાના રહસ્યજ્ઞ, જિનમાર્ગ પ્રતિ અખંડ નિષ્ઠાવાન,
જેમની નિષ્કારણ કરુણાને નિત્ય સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે,
મોહસ્વંયભૂરમણ સમુદ્રને ભુજાએ કરી તરી ગયા, એવા હે પ્રખર પુરુષાર્થના સ્વામી!
ભાવ અપ્રતિબદ્ધપણે વિચરનારા. આપના પ્રત્યે અચળ પ્રેમ અને સમ્યક્ પ્રતીતિ હો,
એ ભાવનાસહિત આપના ચરણોમાં ભક્તિ-પુષ્પ અર્પણ કરીએ છીએ!

- 'સ્વાનુભૂતિપ્રકાશ' પરિવાર



# પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર દ્વારા લિખિત આધ્યાત્મિક પત્ર

**પત્રાંક ૨૦૬**

**મુંબઈ, માહ વદ ૧૩, રવિ, ૧૯૪૭**

ઘટ પરિચય માટે આપે કંઈ જણાવ્યું નથી તે જણાવશો. તેમ જ મહાત્મા કબીરજીનાં બીજાં પુસ્તકો મળી શકે તો મોકલવા કૃપા કરશો.

પારમાર્થિક વિષય માટે હાલ મૌન રહેવાનું કારણ પરમાત્માની ઈચ્છા છે. જ્યાં સુધી અસંગ થઈશું નહીં અને ત્યાર પછી તેની ઈચ્છા મળશે નહીં, ત્યાં સુધી પ્રગટ રીતે માર્ગ કહીશું નહીં, અને આવો સર્વ મહાત્માઓનો રિવાજ છે. અમે તો દીન માત્ર છીએ.

ભાગવતવાળી વાત આત્મજ્ઞાનથી જાણેલી છે.

**પત્રાંક ૨૦૭**

**મુંબઈ, માહ વદ ૦)), ૧૯૪૭**

કોઈ જાતની ક્રિયા જો કે ઉથાપવામાં નહીં આવતી હોય તોપણ તેઓને લાગે છે તેનું કંઈ કારણ હોવું જોઈએ; જે પારણ ટાળવું એ કલ્યાણરૂપ છે.

પરિણામે ‘સત્’ ને પ્રાપ્ત કરાવનારી, પ્રારંભમાં ‘સત્’ની હેતુભૂત એવી તેમની રુચિને પ્રસન્નતા આપનારી વૈરાગ્યકથાનો પ્રસંગ-ોપાત્ત તેમનાથી પરિચય કરવો; તો તેમના સમાગમથી પણ કલ્યાણ જ વૃદ્ધિ પામશે; અને પેલું કારણ પણ ટળશે.

જેમાં પૃથ્વ્યાદિકનો વિસ્તારથી વિચાર કર્યો છે એવાં વચનો કરતાં ‘વૈતાલીય’ અધ્યયન જેવાં વચનો વૈરાગ્યની વૃદ્ધિ કરે છે; અને બીજાં મતભેદવાળાં પ્રાણીને પણ તેમાં અરુચિ થતી નથી.

જે સાધુઓ તમને અનુસરતા હોય, તેમને સમય પરત્વે જણાવતા રહેવું કે, ધર્મ તેનું નામ આપી શકાય કે ધર્મ થઈને પરિણમે; જ્ઞાન તેનું નામ હોય કે જે જ્ઞાન થઈને પરિણમે; આપણે આ બધી ક્રિયા અને વાંચના ઈત્યાદિક કરીએ છીએ, તે મિથ્યા છે એમ કહેવ-ાનો મારો હેતુ તમે સમજો નહીં તો હું તમને કંઈ કહેવા ઈચ્છું છું, આમ જણાવી તેમને જણાવવું કે આ જે કંઈ આપણે કરીએ છીએ, તેમાં કોઈ એવી વાત રહી જાય છે કે જેથી ‘ધર્મ’ અને ‘જ્ઞાન’ આપણને પોતાને રૂપે પરિણમતા નથી, અને કષાય તેમ જ મિથ્યાત્વ (સંદેહનું)નું મંદત્વ થતું નથી; માટે આપણે જીવના કલ્યાણનો ફરી ફરી વિચાર કરવો યોગ્ય છે; અને તે વિચાર્યે કંઈક આપણે ફળ પામ્યા વિના રહેશું નહીં. આપણે બધું જાણવાનું પ્રયત્ન કરીએ છીએ પણ આપણો ‘સંદેહ’ કેમ જાય તે જાણવાનું પ્રયત્ન કરતાં નથી. એ જ્યાં સુધી નહીં કરીએ ત્યાં સુધી ‘સંદેહ’ કેમ જાય ? અને સંદેહ હોય ત્યાં સુધી જ્ઞાન પણ ન હોયઃ માટે સંદેહ જવાનું પ્રયત્ન કરવું જોઈએ. એ સંદેહ એ છે કે આ જીવ ભવ્ય છે કે અભવ્ય ? મિથ્યાષ્ટિ છે કે સમ્યક્ષ્ટિ ? સુલભબોધી છે કે દુર્લભબોધી ? તુચ્છસંસારી છે કે અધિકસંસારી ? આ આપણને જણાય તેવું પ્રયત્ન કરવું જોઈએ. આવી જાતની જ્ઞાનકથાનો તેમનાથી પ્રસંગ રાખવો યોગ્ય છે.

પરમાર્થ ઉપર પ્રીતિ થવામાં સત્સંગ એ સર્વોત્કૃષ્ટ અને અનુપમ સાધન છે; પણ આ કાળમાં તેવો જોગ બનવો બહુ વિકટ છે; માટે જીવે એ વિકટતામાં રહી પાર પાડવામાં વિકટ પુરુષાર્થ કરવો યોગ્ય છે, અને તે એ કે ‘‘અનાદિ કાળથી જેટલું જાણ્યું છે, તેટલું બધુંય અજ્ઞાન જ છે; તેનું વિસ્મરણ કરવું.’’

‘સત્’ સત્ જ છે, સરળ છે, સુગમ છે; સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છેઃ પણ સત્‌ને બતાવનાર ‘સત્’ જોઈએ.

નય અનંતા છે, એકેકા પદાર્થમાં અનંત ગુણધર્મ છે; તેમાં અનંતા નય પરિણમે છે; તો એક અથવા બે ચાર નયપૂર્વક બોલી શકાય એવું ક્યાં છે ? માટે નયાદિકમાં સમતાવાન રહેવું; જ્ઞાનીઓની વાણી ‘નય’માં ઉદાસીન વર્તે છે, તે વાણીને નમસ્કાર હો ! વિશેષ કોઈ પ્રસંગે.